"A candidate for the Post-graduate Diploma course in Occupational and Industrial Health (D.O.I.H.) must have passed the M.B.,B.S. Examination of this University or an examination of any other University recognised as equivalent thereto at least two years before he applies for registration and such candidates shall be required to keep at least four academic terms, before appearing at the said diploma examination."

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૩૭૭ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો અને તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૧૪. ઇક્વિવેલેન્સ ઑફ એક્ઝામિનેશન્સ અંગેની સ્થાયી સમિતિની તા. ૧૧-૬-૧૯૭૬ની સભાએ કરેલી ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સ્થાયી સમિતિની તા. ૧૧-૬-૧૯૭૬ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સ્થાયી સમિતિની તા. ૧૧-૬-૧૯૭૬ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૧૫. યુનિવર્સિટી કૉર્ટની તા. ૨૭/૨૮/૨૯-૩-૧૯૭૩ની વાર્ષિક સભાની ભલામણને અનુલક્ષીને તા. ૨૫-૪-૧૯૭૩ની એકૅડેમિક કાઉન્સિલે તેની સભામાં સેનાવિજ્ઞાન (Military Science)નો વિષય દાખલ કરવાની બાબતમાં નીમેલી સમિતિના હેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીમાં સેનાવિજ્ઞાન (Military Science)નો અભ્યાસક્રમ દાખલ કરવાની જરૂર જણાતી નથી.

૧૬. મનોવિજ્ઞાનની તા. ૧૮-૬-૧૯૭૬ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે તા. ૨૭-૫-૧૯૭૬ની એકૅડેમિક કાઉન્સિલની સભાની બાબત ૯માંના ઠરાવ અંગે નીચે મુજબ સ્પષ્ટતા કરવી :

ટી.વાય.બી.એ. પ્રશ્નપત્ર નં. ૮ એ પ્રાયોગિક જોગવાઈ હોઈ તેમાં બૅચ દીઠ ઓછામાં ઓછા ત્રણ અને વધુમાં વધુ પાંચ તાસની હોવી જોઈએ."

આથી ઠરાવવામાં આવે છે કે આ સભાગૃહની તા. ૨૭-૫-૧૯૭૬ની સભાએ બાબત નં. ૯ અંગે કરેલો ઠરાવ (જેનો પાઠ આ સભાગૃહે શરૂઆતમાં સુધાર્યો છે) જોતાં સદરહુ બાબત અંગે વિશેષ કરવાપણું રહેતું નથી.

૧૭. એકસ્ટર્નલ એમ.એ. પાર્ટ ૧ કે એમ.કૉમ. પાર્ટ ૧ની પરીક્ષા ઉત્તીર્ણ કરી કોઈ વિદ્યાર્થી રેગ્યુલર એમ.એ. પાર્ટ ૨ કે એમ.કૉમ. પાર્ટ ૨માં નિયમિત વિદ્યાર્થી તરીકે જોડાવા માંગે તો તેમ કરવા દેવું કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીની એમ.એ. પાર્ટ-૧ કે એમ.કૉમ. પાર્ટ-૧ની એકસ્ટર્નલ પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલો વિદ્યાર્થી અનુક્રમે એમ.એ. પાર્ટ-૨ કે એમ.કૉમ. પાર્ટ-૨માં નિયમિત વિદ્યાર્થી તરીકે દાખલ થવા ઇચ્છતો હોય તો તેણે અનુક્રમે બી.એ. કે બી.કૉમ.ની પરીક્ષામાં ઓછામાં ઓછો બીજો વર્ગ મેળવેલો હોય તે શરતે તેને એમ.એ. કે એમ.કૉમ. પાર્ટ-૨ના વર્ગમાં નિયમિત વિદ્યાર્થી તરીકે પ્રવેશપાત્ર ગણવો.

૧૮. બી.એ.માં વિદ્યાર્થીએ રાખેલ ગૌણ વિષય (જેવા કે સાયકોલોજી, સ્ટેટિસ્ટિકસ, જોગ્રાફી, હોમ સાયન્સ) એમ.એ.માં મુખ્ય કે ગૌણ વિષય તરીકે રાખી શકાતા ન હોઈ વિદ્યાર્થીએ જે વિષય મુખ્ય રાખ્યો હોય એની સાથે બીજો વિષય કે ગ્રુપ એમ.એ. એકસ્ટર્નલની સ્કીમ મુજબ રાખવા દેવા કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—હાલના નિયમ ઑ. એમ.એ.એકસ-૨ અનુસાર વિદ્યાર્થી બી.એ.માં રાખેલ મુખ્ય કે ગૌણ વિષય પૈકી ગમે તે વિષય એમ.એ. કક્ષાએ એમ.એ. એકસ્ટર્નલની સ્કીમની મર્યાદામાં લઈ શકે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે એમ.એ.માં દાખલ થયેલ વિદ્યાર્થીએ કે જેણે બી.એ.માં રાખેલ ગૌણ વિષય (જેવા કે મનોવિજ્ઞાન, આંકડાશાસ્ત્ર, ભૂગોળ, ગૃહવિજ્ઞાન) પોતે એમ.એ.માં મુખ્ય કે ગૌણ વિષ્ય તરીકે રાખી શકે તેમ ન હોવાથી તેને પોતાના એમ એ.ના મુખ્ય વિષયની સાથે બીજો વિષય કે વિષયજૂથ, એમ.એ. એકસ્ટર્નલ પરીક્ષાની યોજના મુજબ રાખવા માટે મંજૂરી આપવી.

૧૯. ઑકટોબર, ૧૯૭૬માં લેવાનાર યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ માટે પ્રાશ્નિકો/પરીક્ષકોની નિમણૂકો અંગે જુદી જુદી વિદ્યાશાખાઓની પરીક્ષા સમિતિઓએ પ્રાશ્નિકો/પરીક્ષકોનાં નામોની કરેલ ભલામણો પર વિચારણા કરવા બાબત.

સદરહુ પરીક્ષા સમિતિઓની ભલામણોની યાદી હાજર રહેલ તમામ સભ્યોને આપવામાં આવી.

તે પછી જણાવવામાં આવ્યું કે સદરહુ યાદીમાં જે કોઈ સભ્યને સૂચનોમાં કોઇ સુધારો કરવા જેવું લાગતું હોય તે સૂચનો કારણો સહિત ખાનગી રાહે કુલપતિશ્રીને તા. ૫-૮-૧૯૭૬ સુધીમાં યાદી સહિત મોકલી આપે.

તે પછી ઠરાવવામાં આવ્યું કે ઑકટોબર ૧૯૭૬માં લેવાનાર યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ માટે પ્રાશ્નિકો/પરીક્ષકો અંગે જુદી જુદી વિદ્યાશાખાની પરીક્ષા સમિતિઓએ કરેલી ભલામણો સ્વીકારવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૨૦. ભૂગોળની અભ્યાસસમિતિની તા. ૫-૭-૧૯૭૬ની સભાની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે પ્રી-યુનિવર્સિટી વિનયન, પ્રથમ વર્ષ બી.એ. અને દ્વિતીય વર્ષ બી.એ.ના ભૂગોળના અભ્યાસક્રમમાં પ્રાયોગિક કાર્ય આવતું નહીં હોવાથી પ્રી-યુનિવર્સિટી વિનયનમાં તથા પ્રથમ અને દ્વિતીય વર્ષ બી.એ.માં ગૌણ કક્ષાએ ભૂગોળ વિષય એકસ્ટર્નલ વિદ્યાર્થીઓને લેવાની છૂટ આપવાની ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૨૧. કેમેસ્ટ્રી વિદ્યાશાખાની તા. ૩-૭-૧૯૭૬ની સભાના નીચેના ઠરાવ પર વિચારણા કરવા બાબત :

"This faculty resolves that R. Engg. S. 4 and R. Engg. S. EC/IC-4 should be ammended as follows :

> A candidate who has **kept** terms and who fails to pass the I and II Semester Examinations within two years from the date of his/her admission to the course, will not be allowed to reappear for those examinations.
>
> (This should come in force with immediate effect.)"

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૨૨. બિઝનેસ મૅનેજમેન્ટની અભ્યાસસમિતિની તા. ૮-૭-૧૯૭૬ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"૧૯૭૬ની પરીક્ષામાં ત્રીજા વર્ષ બી.કૉમ.માં બિઝનેસ મૅનેજમેન્ટ ઐચ્છિક વિષય લેનાર વિદ્યાર્થી અન્ય વિષયમાં નાપાસ થવાના કારણે બીજા વર્ષ બી.કૉમ.ની પરીક્ષામાં નાપાસ થયો હોવાથી બિઝનેસ મૅનેજમેન્ટ વિષયના ડિઝર્ટેશન બાબતમાં નીચે મુજબ ભલામણ કરવામાં આવી :

(૧) ઑકટોબર, '૭૬ની પરીક્ષામાં આ વિદ્યાર્થી પરીક્ષા આપે ત્યારે તેને તે ડિઝર્ટેશન સુધારેલા સ્વરૂપમાં કે મૂળ સ્વરૂપમાં રજૂ કરવાની છૂટ આપવી, અને તે ડિઝર્ટેશન અને મૌખિક પરીક્ષામાં તેને પાસ થવાનું રહેશે.

(૨) હવે પછી ડિઝર્ટેશન અને મૌખિક પરીક્ષા થાય ત્યારે ડિઝર્ટેશનના જુદા માર્ક્સ માર્કશીટમાં આપવા તથા ડિઝર્ટેશનના મૌખિક પરીક્ષાના માર્ક્સ જુદા જણાવવા પરીક્ષકોને જણાવવું. વિદ્યાર્થીએ ડિઝર્ટેશન અને મૌખિક પરીક્ષામાં ભેગા પાસ થવાનું રહેશે. જો કોઈ વિદ્યાર્થી બી.કૉમ.ની પરીક્ષામાં નાપાસ થાય તો તેનું ડિઝર્ટેશન સુધારીને રજૂ કરી શકે અને તે સંજોગોમાં તે તપાસી માર્ક્સ આપવાના રહે. પરંતુ જો તે મૂળ સ્વરૂપમાં ડિઝર્ટેશન રજૂ કરે તો તેને માર્ક્સ કેરી ફૉરવર્ડ કરવાની છૂટ આપવી.

(૩) ડિઝર્ટેશનની ત્રણ ટાઇપ નકલો વિદ્યાર્થી પાસેથી મેળવવી."

[નોંધ.— ઉપરની ભલામણ સ્વીકારાય તો રેગ્યુ. કૉમર્સ-૧૩માં નીચે મુજબ સુધારો કરવાનો થાય :

Business Management

Paper IV—Part E :

Note 1 : Candidates must submit three type-written copies on each of the dissertation on at least two topics to be selected from topics prescribed.

Notes 2. & 3 : Same as before.

Part F—Viva-Voce (35 marks)

Viva-Voce examination at which each student shall be required to answer questions based on the contents of the dissertation submitted by him as required under Part E of this Paper.

In the case of failed student, he can submit the dissertation as it is or he may revise and submit it. The marks of dissertation and Viva should be separately shown. If the dissertation is submitted without revising it, the marks of dissertation should be carried forward. The whole subject will form one head of passing.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણો મંજૂર કરવી અને તે મુજબ રેગ્યુ. કૉમર્સ–૧૩માં ઉપર મુજબનો સુધારો કરવો અને સદરહુ સુધારેલા રેગ્યુ. કૉમર્સ–૧૩ને જૂન ૧૯૭૬થી અમલમાં આવેલો ગણવો.

૨૩. સમાજશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૧૯-૭-૧૯૭૬ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"એમ.એ. ઍકસ્ટર્નલ સમાજશાસ્ત્ર વિષય રાખનાર વિદ્યાર્થી એમ.એ. ભાગ ૨ના સમાજશાસ્ત્ર વિષયમાં માસ્ટર એસેનું પ્રશ્નપત્ર રાખી શકે નહીં તેમ ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૨૪. કુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) એમ.કૉમ. ભાગ ૨ બિઝનેસ મૅનેજમેન્ટ પેપરને લગતા ડિઝર્ટેશનના ટોપિકસ નીચે પ્રમાણે રાખી જૂન, ૧૯૭૬થી અમલમાં લાવ્યાના :

Any one from the following :

1. A Project planning exercise of any one industrial unit
2. A case history of any one recent industrial dispute (after 1970)
3. Financial policies of any one unit
4. Personnel Policies of any one unit
5. A case history of product development and its promotion
6. Problem of planning and control in any small unit;

(૨) શ્રી. એન. એસ. પટેલ લૉ કૉલેજ, મેાડાસાને બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયાની અનુમતિને આધીન કામચલાઉ ધોરણે (provisonally) તૃતીય વર્ષ એલએલ.બી.ના વર્ગમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટે મંજૂરી આપ્યાના;

(૩) ૧૯૭૭ના વર્ષમાં લેવાનારી બીજા વર્ષ બી.એ.ની પરીક્ષાના અંગ્રેજી વિષયના પ્રશ્નપત્ર ૫ માટે નીચે મુજબનું પાઠ્યપુસ્તક જે ૧૯૭૬ની પરીક્ષા માટે નિયત કરેલું હતું તે ચાલુ રાખ્યાના :

Paper V—Prescribed text : Classical Literary Criticism
(Penguin Books)

The following portions of the Book are prescribed :

(*i*) Introduction

(*ii*) Aristotle : on the Act of Poetry Introduction
Chapters 1–16 (Pages 31–54)
Chapter 19 (Pages 57–58)

(*iii*) Horace : on the Arts of Poetry (pp. 79–95)

(*iv*) Longinus : on the sublime--

Introduction (Page 99)
Chapters 1–15 (Pages 100--124)
Chapters 39–44 (Pages 150–158);

(૪) એમ.એ. ભાગ ૧ના ઇતિહાસના પ્રશ્નપત્ર ૨ International Relations—1901 to 1960 A. C. છે તેને બદલે 1919 to 1960 A.C. અભ્યાસક્રમમાં રાખવામાં આવેલ છે અને હાલના અભ્યાસક્રમમાંથી નીચેના મુદ્દાઓ અભ્યાસક્રમમાંથી રદ કર્યાના અને સંબંધકર્તા રેગ્યુ. એમ.એ. ૫માં સુધારો કરી તેનો અમલ જૂન, ૧૯૭૬થી કર્યાના :

રદ કરવામાં આવેલા મુદ્દાઓ :

"Anglo-Japanese Relations (1902) and its consequences. Russo-Japanese War (1905), the Middle-East problems—1901 to 1913. Enterte cordiable and Triple alliance their causes and significance—Significance of the period 1904–1914.";

(૫) એમ.એ. (એકસ્ટર્નલ)ની પરીક્ષા માટે સોશિયોલોજી-સાયકોલોજીમાં વિદ્યાર્થીઓ રજિસ્ટર કરવા દેવાની મનોવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૧૮–૬–૧૯૭૬ની સભાની ભલામણ મંજૂર કર્યાના;

(૬) ૧૯૭૬-૭૭ના શૈક્ષણિક વર્ષ દરમ્યાન વિદ્યાર્થીઓની કૉલેજમાં પ્રવેશ અંગેની વધેલી માંગને લક્ષમાં રાખીને વિશિષ્ટ સંજોગોમાં કૉલેજની પ્રત્યેક કક્ષાએ પાંચ વિદ્યાર્થીઓને "હાર્ડ કેસ" તરીકે પ્રવેશ આપવા તથા માર્ચ ૧૯૭૬માં લેવાયેલ જૂની એસ.એસ.સી.ના પૂરક પરિણામમાં સફળ જાહેર થયેલા વિદ્યાર્થીઓને પ્રી-યુનિ. એક વર્ગવાળી કૉલેજમાં ૧૦ તથા તેથી વધુ વર્ગવાળી કૉલેજમાં પ્રત્યેક વર્ગમાં ૫ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા તથા તે ઉપરાંત પ્રત્યેક વર્ગમાં વધુ બે વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટે વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની કૉલેજોને પરવાનગી આપ્યાના;

(૭) જે વિદ્યાર્થીઓ અંગ્રેજી વિષયના સ્ટ્રીમ "બી"ના અભ્યાસક્રમ મુજબ પરીક્ષા આપી પ્રી-યુનિ. વર્ગની પરીક્ષામાં બીજા વર્ગમાં કે પ્રથમ વર્ગમાં ઉતાર્ણ થયા હોય તેમને જ ત્રિવાર્ષિક અભ્યાસક્રમના પ્રથમ વર્ષ એટલે કે પહેલા વર્ષ બી.એ.માં ફક્ત ચાલુ વર્ષ પૂરતું જ ઓડોક ધોરણે મુખ્ય કે ગૌણ વિષય તરીકે અંગ્રેજી વિષય લેવા દેવાની છૂટ આપ્યાના;

(૮) તૃતીય વર્ષ બી.એ.ના પ્રશ્નપત્ર ૯નું નામ (ટાઈટલ) 'તુલનાત્મક આર્થિક વિકાસ' છે તેને બદલે તેનું નામ 'આર્થિક વિકાસનો ઇતિહાસ : ભારત, યુ.કે., યુ.એસ.એ., જાપાન અને રશિયા (History of Economic Development : India, U.K., U.S.A. Japan and U.S.S.R.)' રાખ્યાના અને ટાઈટલના આ ફેરફારનો અમલ જૂન ૧૯૭૬થી કર્યાના;

(૯) એમ.એ. કક્ષાએ હિન્દી વિષયમાં હાલમાં છ (૬) પ્રશ્નપત્રોની વ્યવસ્થા છે તથા ગૌણ વિષયના બીજા બે પ્રશ્નપત્રો લેવાના હોય છે તેના વિકલ્પે હિન્દી વિષયના આઠ પ્રશ્નપત્રો વિદ્યાર્થીઓ રાખી શકે તેની જોગવાઈ કરી અને તે માટે પ્રશ્નપત્ર ૪ અને ૮ નીચે મુજબ મંજૂર કર્યાના અને આ સુધારો ભાગ ૧ અને ૨ માટે ક્રમશઃ જૂન ૧૯૭૬થી અમલમાં મૂકવાના :

Paper IV : Detailed study of the Histo y of Hindi Literature (up to 1975).

Paper VIII : Principles of Literary Cri ism.

ઉપર પ્રમાણે નવી વ્યવસ્થા અમલમાં આવવાથી હવે એમ.એ. ભાગ ૧ અને ભાગ ૨ હિન્દીના પ્રશ્નપત્રોના અનુક્રમ નીચે મુજબ રહેશે :

એમ.એ. ભાગ ૧

મુખ્ય અને ગૌણ

પ્રશ્નપત્ર ૧ : आधुनिक गद्य मुख्य माटे

પ્રશ્નપત્ર ૨ : प्राचीन तथा मध्यकालीन काव्य

પ્રશ્નપત્ર ૩ : विशेष कालके विशेष साहित्यकार का अध्ययन

એન્ટાયર હિન્દી માટે

પ્રશ્નપત્ર ૪ : हिन्दी साहित्य के इतिहास का विस्तृत अध्ययन (१७५ तक)

એમ.એ. ભાગ ૨

મુખ્ય અને ગૌણ

પ્રશ્નપત્ર ૫ : આધુનિક કવિતા – મુખ્ય

પ્રશ્નપત્ર ૬ : ભાષાવિજ્ઞાન

પ્રશ્નપત્ર ૭ : નિબન્ધ

એન્ટાયર હિન્દી માટે

પ્રશ્નપત્ર ૮ : સમીક્ષા સિદ્ધાંત

ઉપર મુજબના પ્રશ્નપત્ર ૧, ૨ અને ૩ના ક્રમાંક અને અભ્યાસક્રમ યથાવત્ રહે છે. પ્રશ્નપત્ર ૪ ઉમેરવાથી જૂના પ્રશ્નપત્ર ૪, ૫ અને ૬નો ક્રમ બદલાઈને પ્રશ્નપત્ર ૫, ૬, અને ૭ થાય છે. નવા પ્રશ્નપત્ર ૫ અને ૬નો અભ્યાસક્રમ જૂના પ્રશ્નપત્ર ૪ અને ૫ના ૧૯૭૭ અને ૧૯૭૮ના અભ્યાસક્રમ પ્રમાણે યથાવત્ રહે છે. ફક્ત પ્રશ્નપત્ર ૬માં પરિવર્તન કરવામાં આવ્યું છે અને તેનો અભ્યાસક્રમ પણ નવા પ્રશ્નપત્ર ૪ અને ૮ની સાથે સંલગ્ન છે.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૨૫. રીડર-ઇન-માઇક્રોબાયોલોજીની એક જગ્યા માટે તા. ૨૨-૭-૧૯૭૬ના રોજ મળેલી વરણીસમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનમાં રીડર-ઇન-માઇક્રોબાયોલોજીની જગ્યા પર, સદરહુ વરણીસમિતિની ભલામણ મુજબ, ડૉ. એસ. જી. દેસાઈને નીમવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(સદરહુ વરણીસમિતિની ભલામણ આ સાથે **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૨૬. બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયાએ તેની તા. ૧૯-૬-૧૯૭૬ના પત્રાંક બી.સી. આઈ.ડી. (૧૪૨૬/૧૯૭૬) એલ.ઈ.-એમ.ટી.જી.થી (૧) શ્રી. સી. વી. શાહ લૉ કૉલેજ, ખંભાત તથા (૨) શેઠ વી. એસ. લૉ કૉલેજ, ઊંઝાનું જોડાણ રદ કરવા જણાવેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—એક્ઝિકયુટિવ કાઉન્સિલે ઉપરની બન્ને કૉલેજોને દ્વિતીય એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૬થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીનું **ચાલુ** જોડાણ આપેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે **સદરહુ** કૉલેજોને ૧૪મી જૂન ૧૯૭૭ સુધી જે જોડાણ આપવામાં આવેલું છે તે જોડાણ ચાલુ રાખવામાં આવે, કૉલેજને ક્ષતિપૂર્તિ માટે તાકીદ કરવામાં આવે અને તે અંગેનો પ્રશ્ન બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના સત્તાવાળાઓ સાથે યોગ્ય કક્ષાએ હલ કરવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૨૭. ઉર્દૂ અને ફારસી ભાષાનો પાઠયક્રમ બેવડાતો હોવાથી પાઠયપુસ્તકોમાં નીચે મુજબ સુધારો કરવા અંગે વિચારણા કરવા બાબત :

ઉર્દૂ (૧૯૭૭)

1. S.Y.B.A. Paper IV

Shibli & Magalal-i-shibli ને બદલે Sir Sayyad & Intekhab-i-Mazamiah-i-Sir Sayyad, Published by Makhaba Jamia, New Delhi.

ફારસી (૧૯૭૭)

1. M.A. Part I

Paper I Qasaid-i-Urfiમાંથી નિયત કરેલા કાસીદા ૩ અને ૫ **અભ્યાસક્રમમાંથી** રદ કરવા એટલે **નીચેના** કાસીદા અભ્યાસક્રમમાં રહે :

(*i*) Iqbal-i-Karan migadad.....
(*ii*) Ai dashte dar says hamtigh.....
(*iii*) Subh dam chun dar damad
(*iv*) Az dar-s-Doost cheh guyam
(*v*) Har Scohhte Jani ki bi Kashmir

1. M.A. Part I—Paper II

(1) Payam Mashriq by Dr. Iqbalમાંથી Section "Lala-i-Toor" & "Afkar" અભ્યાસક્રમ માટે નિયત કરવા.

(2) Masnawi-e-Maulana Rumi પુસ્તકમાં દફ્તર ૩ છાપભૂલ જોઈ દફ્તર ૨ વાંચવું.

M.A. Part II (1977) (Persian)

Paper V

(1) Chaher Magada by Nizami Aruzi
Maqalas I & II ને બદલે Maqalas III & IV નિયત કરવા.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિષયોનાં પાઠ્યપુસ્તકોમાં ઉપર મુજબનો સુધારો મંજૂર કરવો.

૨૮. એમ.કૉમ. ભાગ ૧ માટે બિઝનેસ મૅનેજમેન્ટ વિષયનો અભ્યાસક્રમ નિયત કર્યો છે તેના અનુસંધાનમાં એમ.કૉમ. ભાગ ૨નો બિઝનેસ મૅનેજમેન્ટ વિષયનો અભ્યાસક્રમ નીચે મુજબ નિયત કરવા અંગે વિચારણા કરવા બાબત :

(iii) Business Management II (optional) : Dissertation on any one topic prescribed by the Board of Studies

and

One of the following from Group 'B' (i) & (ii) :

(1) Advanced Accountancy—Paper III : Management (including Advanced Accountancy)

(2) Advanced Accounting—Paper IV : Management Accountancy (including Advanced Accountancy)

(3) Industry—Paper II : Trade & Transport

(4) Modern Finance—Paper II : International Finance

(5) Modern Business—Paper II : Business Analysis and Forecasting

આથી ઠરાવવામાં આવે છે કે એમ.કૉમ.-ભાગ ૨ માટેનો બિઝનેસ મેનેજમેન્ટનો અભ્યાસક્રમ ઉપર મુજબ નિયત કરવો.

૨૯. કુલપતિશ્રીના નીચેના કાર્યની નોંધ લેવા બાબત :

વનસ્પતિવિજ્ઞાનને લગતો એમ.એસસી. ભાગ ૧ અને ભાગ ૨નો અભ્યાસક્રમ જૂન ૧૯૭૬થી ક્રમશઃ અમલમાં લાવ્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૩૦. સંલગ્ન શિક્ષણની કૉલેજમાં શિક્ષક : વિદ્યાર્થીનું પ્રમાણ ૧ : ૧૦ છે તેને બદલે ૧ : ૧૪ પ્રમાણે રાખવા માટે સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, વીસનગરના આચાર્યશ્રીએ તેમના તા. ૧૫-૬-૧૯૭૬ના પત્રથી કરેલ સૂચન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ શિક્ષણશાસ્ત્રની અભ્યાસસમિતિની વિચારણા માટે મોકલવો.

૩૧. એમ.કૉમ. (એકસ્ટર્નલ) પરીક્ષાઓ અંગે ઑર્ડિ. એમ.કૉમ. એકસ્ટ. ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮ મંજૂર કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

(સદરહુ સુધારેલા ઑર્ડિ. એમ.કૉમ. એકસ્ટર્નલ ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮ની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૩૨. એમ.એ. (એકસ્ટર્નલ) અને એમ.કૉમ. (એકસ્ટર્નલ)માં રજિસ્ટર થવા માટે આવતા વિદ્યાર્થીઓને જે તે ઑર્ડિનન્સમાં નિયત કર્યા મુજબના જે તે વિષયો પ્રમાણે રજિસ્ટ્રેશન આપવામાં આવે છે, પરંતુ બહારની યુનિવર્સિટીઓમાંથી આવતા અને આ યુનિવર્સિટીમાંથી પાસ થયેલા કેટલાક વિદ્યાર્થીઓ કે જેમના સ્નાતક કક્ષાએ રાખેલ વિષયોની બાબતમાં સંબંધિત ઑર્ડિનન્સ મુજબ ન હોવાને કારણે રજિસ્ટ્રેશન આપવાની બાબતમાં જે પ્રશ્નો ઊભા થાય તેવા કેસોમાં કુલપતિશ્રીનો નિર્ણય આખરી ગણવા અંગે સદરહુ ઑર્ડિનન્સમાં ઘટતી જોગવાઈ કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો તથા તે મુજબ નીચેનો ઑર્ડિનન્સ એમ.એ. (એકસ્ટ.)-૬ અને એમ.કૉમ. (એકસ્ટ.)-૯ જૂન ૧૯૭૬થી અમલમાં આવે તે રીતે મંજૂર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

"Notwithstanding anything contained elsewhere in the Ordinances and Regulations of this University, it shall be competent for the Vice-Chancellor, in the case of any student who, having passed his qualifying degree examination from any other University, applies for registration as an external student for the M.A. or the M.Com. class in this University, to permit him to select such subject or subjects as the Vice-Chancellor may deem fit in his discretion. In the event of any doubt or dispute the decision of the Vice-Chancellor shall be final."

૩૩. અંગ્રેજીની અભ્યાસસમિતિની તા. ૨૪-૭-૧૯૭૬ની સભાની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

"૧. અંગ્રેજીના જુનિયર સર્ટિફિકેટ અભ્યાસક્રમમાં નવી એસ.એસ.સી. (દશમા ધોરણ) પરીક્ષા અંગ્રેજી સાથે/અંગ્રેજી વગર પાસ કરી હોય તેમને પ્રવેશપાત્ર ગણવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૨. આથી ઠરાવવામાં આવે છે કે ત્રીજા વર્ષ બી.એ.ના અંગ્રેજી વિષયના નિબંધના પ્રશ્નપત્ર માટે ૧૯૭૬ની પરીક્ષા માટે જે નિબંધના મુદ્દા સૂચવ્યા હતા તે ૧૯૭૭ની પરીક્ષા માટે ચાલુ રાખવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણો મંજૂર કરવી.

૩૪. અંગ્રેજી વિના એસ.એસસી.માં પાસ થઈ યુનિવર્સિટીમાં દાખલ થયેલા વિદ્યાર્થીઓના અંગ્રેજી વિષયના શિક્ષણ અંગે શો પ્રબંધ કરવો તે અંગે સર્વગ્રાહી વિચારણા કરી હેવાલ રજૂ કરવા એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૭-૫-૧૯૭૬ની સભામાં નીમેલી સમિતિની તા. ૩-૮-૧૯૭૬ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"The Committee recommends that a special intensive course in English should be devised by the Board of Studies for students entering the First Year degree classes without offering English at the School level. This course which may be termed Stream 'B' course should continue for the first two years of degree course in college. It should be so devised that students who complete the course during the first and the second year should reach the same level of attainment as the students offering Stream 'A' (with English course) by the time they enter the third year. The course for compulsory English in the Third Year should be the same for all students.

It is also strongly recommended that six periods per week should be devoted to the teaching of English to these students during the first and second year of the degree course.

The Committee strongly recommends that one more period per week of English teaching should be provided for in the case of students offering Stream 'A' (with English course) during all the three years at college in order to raise the standard of English in general.

These proposals should be implemented from June 1977."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓની વિચારણા માટે મોકલવી.

૩૫. ઓર્ડિ. ૧૫૧-એ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા બાબત :

O. 151-A :

When on leaving a centre / department of the University School concerned a student claims the refund of his tuition fees from the centre/department of the University School concerned he shall apply in writing to the Professor-in-charge of the centre / Director of

the University School concerned. On receipt of such an application, refund may be given in the following circumstances at the rate indicated :

(1) In the case of a student leaving the centre / University department concerned within 10 days of the commencement of the term, the tuition fees may be refunded after deducting Rs. 15 / -.

(2) In the case of a student leaving the centre / University department concerned after 10 days but within 20 days of the commencement of the term, half of the tuition fees may be refunded.

(3) In the case of a student admitted provisionally pending the issue of a Certificate of Eligibility but who is later reported ineligible for admission to the University full fees shall be refunded.

(4) A student who after being admitted provisionally fails to produce a provisional or Final Eligibility Certificate before the end of the term or a student whose term is not granted by the centre / University department concerned shall not be eligible for any refund.

(5) The other fees shall not be refunded.

(In the case of Post-graduate students, the date of commencement of the term will be the date on which the candidate submits his application for registration as a post-graduate student.)"

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરનો ઑર્ડિ. ૧૫૧-એ મંજૂર કરવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૩૬. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હીએ તેમના તા. ૨૨-૫-૧૯૭૬ના પત્રાંક એફ. ૧૧-૧-૭૪ એફ.ઈ. એફ્આઈપી થી મોકલાવેલ એમ. ફિલ. ડિગ્રી કોર્સ અંગેની ગાઇડ-લાઇન્સ પરત્વે બી.યુ.ટી. એન્ડ આર.ની તા. ૨-૭-૧૯૭૬ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હીએ એમ.ફિલ. ડિગ્રી કોર્સ અંગેની મોકલેલ ગાઇડ-લાઈન્સની નોંધ લેવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૩૭. પોસ્ટ-ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઇન ધી સાયન્ટિફિક સ્ટડી ઓફ ધી ડેવલપમેન્ટલી હેન્ડિકેપ્ડના અભ્યાસક્રમમાં પ્રવેશપાત્રતા નીચે મુજબ સુધારવા અંગે બી.એમ. ધનિસ્ટરચૂટના અધ્યક્ષશ્રી તરફથી તા. ૨-૮-૧૯૭૬ના પત્રથી આવેલા સૂચન પર વિચારણા કરવા બાબત :

Admission Requirements :

For Teacher	:	Bachelor's degree in Arts / Science / Education / Social work / Child Development / Nursing.
For Medical Graduates	:	D.P.M. or M.D. (Psychiatry) or D.Ped.
For Psychologists	:	D.M. & S.P.; M.A. (Psychology).
For Social Workers	:	Master's degree in Social work or D.P.S.W.
For Occupational Therapists	:	Diploma or Bachelor's degree in Occupational Therapy.
For Speech Therapists	:	Diploma or Bachelor's degree in Audiology and Speech.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચન મંજૂર કરવું અને તે મુજબ પોસ્ટ-ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઇન ધી સાયન્ટિફિક સ્ટડી ઓફ ધી ડેવલપમેન્ટલી હેન્ડિકેપ્ડના અભ્યાસક્રમમાં પ્રવેશપાત્રતા માટે ઓછામાં ઓછી લાયકાતનું ધોરણ ઉપર મુજબ રાખવું.

તે પછી પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબત સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી :

૩૮. એમ.એ. એકસ્ટર્નલના અભ્યાસક્રમમાં સિંધી મુખ્ય વિષય તરીકે રાખવાની જોગવાઈ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો તથા તે વિષયનાં જરૂરી પાઠ્યપુસ્તકો નિયત કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. એ. કા. / ૨૪૧૪૮/ ૧૯૭૬
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૩૮૦૦૦૯.
તા. ૧૭-૯-૧૯૭૬.

ઇ. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"

કામકાજ ક્રમાંક ૧૪

સ્ટેન્ડિંગ કમિટી ઑન ઇક્વિવેલેન્સ ઑફ એકઝામિનેશન્સની એક સભા, તા. ૨૧-૬-૧૯૭૬ ને શુક્રવાના રોજ બપોરે ૧૨-૩૦ વાગે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧. કાર્યકારી કુલપતિશ્રી કે. જે. ભટ્ટ	હાજર
૨. પ્રો. કે. એસ. શાસ્ત્રી	ગેરહાજર
૩. આચાર્ય કે. એન. શાહ	ગેરહાજર
૪. આચાર્ય એમ. એસ. પંડિત	ગેરહાજર
૫. ડૉ. જે. એન. પટેલ	ગેરહાજર
૬. આચાર્ય સી. એચ. શાહ	હાજર
૭. શ્રી. સી. પી. બોઘાણી	હાજર
૮. વાણિજ્ય વિદ્યાશાખાની જગ્યા ખાલી	

સભાનું પ્રમુખસ્થાન કાર્યકારી કુલપતિશ્રી આચાર્ય કે. જે. ભટ્ટે સંભાળ્યું હતું.

૧. તા. ૧-૧-૧૯૭૬ના રોજ મળેલ સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

તા. ૧-૧-૧૯૭૬ના રોજ મળેલ સ્ટેન્ડિંગ કમિટી ઑન ઇક્વિવેલેન્સ ઑફ એકઝામિનેશન્સની સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી અને કુલપતિશ્રીએ તે પર સહી કરી.

૨. ઇન્દિરા કલા સંગીત વિશ્વવિદ્યાલય, ખૈરાગઢ દ્વારા લેવામાં આવતી બી.એ. ઑનર્સ મ્યુઝિક-ડાન્સ તથા એમ.એ. મ્યુઝિક-ડાન્સ તેમ જ એમ.એ. આર્ટ્સ ઍન્ડ આર્કિયોલોજીની પદવી પરીક્ષાઓને આ યુનિવર્સિટીની જે તે પરીક્ષા તુલ્ય પારસ્પરિક ધોરણે માન્ય કરવા અંગે તે સંસ્થાના કુલસચિવશ્રી તરફથી આવેલ તા. ૨-૭-૭૫ના પત્રાંક ૮૬૦ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ પ્રકારના અભ્યાસક્રમો અંગે આપણી યુનિવર્સિટીમાં કોઈ જોગવાઈ નહીં હોવાથી આ પરીક્ષા પારસ્પરિક ધોરણે માન્ય રાખવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી એમ એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૩. દિલ્હી યુનિવર્સિટી, દિલ્હી દ્વારા લેવામાં આવતી બી.કોમ. (પાસ) કોરસપોન્ડન્સના અભ્યાસક્રમની પરીક્ષા પાસ કરી આવનાર વિદ્યાર્થીને આ યુનિવર્સિટીમાં આગળ અભ્યાસ માટે પ્રવેશપાત્ર ગણવા કે કેમ તે અંગે દિલ્હી યુનિવર્સિટીના તા. ૪-૨-૭૬ના પત્રાંક આઈ.ઓ.રેકગ.ડી.જી.યુ. ૭૬ ૫૭૨૩૮ પર વિચારણા કરવા બાબત.

દિલ્હી યુનિવર્સિટી, દિલ્હી દ્વારા લેવામાં આવતી બી.કૉમ. (પાસ) કૉરસપોન્ડન્સ અભ્યાસક્રમની પરીક્ષા આ યુનિવર્સિટીની બી.કૉમ. પરીક્ષા બરાબર પારસ્પરિક ધોરણે માન્ય રાખવા એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

૪. ગઢવાલ યુનિવર્સિટી, શ્રીનગર (ગઢવાલ) તરફથી લેવામાં આવતી નીચે જણાવેલ પરીક્ષાઓને માન્ય કરવા અંગે તે યુનિવર્સિટી તરફથી આવેલ તા. ૨૩-૧૨-૭૫ના પત્રાંક રેકગ-એફ્લી-૨૨-૮૮૩૮ ઉપર વિચારણા કરવા બાબત :

એમ.એ., એમ.કૉમ., બી.કૉમ.

ગઢવાલ યુનિવર્સિટી, શ્રીનગર (ગઢવાલ) દ્વારા લેવામાં આવતી એમ.એ., એમ.કૉમ.ની પરીક્ષાઓને આ યુનિ.ની એમ.એ. અને એમ.કૉમ. પરીક્ષા બરાબર પરસ્પરિક ધોરણે માન્ય કરવા એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૫. યુનિવર્સિટી ઑફ પૂના સાથે સંલગ્ન તબીબી કૉલેજમાં એમ.ડી. તથા એમ.એસ.ના અભ્યાસક્રમ માટે રાખેલ સત્ર/સત્રો પરસ્પરના ધોરણે માન્ય કરવા અંગે તે યુનિવર્સિટી તરફથી આવેલ તા. ૨૪/૨૫-૭-૭૫ના પત્રાંક બીયુટી-૧૦૩૧૩ ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—ઉપરોક્ત બાબત ઈકિવ. સમિતિની જે સભા તા. ૧-૧-'૭૬ના રોજ મળેલ તેમાં મૂકવામાં આવેલ હતી અને તેમાં ઠરાવવામાં આવ્યું હતું કે ડીનશ્રીનો અભિપ્રાય મેળવી આ બાબત હવે પછી રજૂ કરવાનું રાખવું.)

ડીનશ્રીનો અભિપ્રાય

It can be given on Principle of reciprocity.

ગુજરાત રાજ્ય બહારની યુનિવર્સિટીમાં રાખેલ સત્રો માન્ય રાખવામાં આવતા નહીં હોવાથી પૂના યુનિવર્સિટી સંલગ્ન તબીબી કૉલેજોમાં એમ.ડી. તથા એમ.એસ.ના અભ્યાસક્રમ માટે રાખેલ સત્રો પારસ્પરિક ધોરણે માન્ય રાખવા નહીં એમ એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૬. અન્ય યુનિવર્સિટીની બી.ફાર્મ.—એમ.ફાર્મ. પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થીને આ યુનિવર્સિટીમાં એમ.એસસી. (મેડિકલ—ફાર્માકૉલેજી)ના વર્ગ માટે પ્રવેશપાત્ર ગણવા અંગે મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયા, ન્યૂ દિલ્હી તરફથી આવેલ તા. ૧૬-૨-૧૯૭૬ના પત્રાંક એમ.સી.આઈ. ૮(૯૧)૭૫-મેડ-૨૬૫૪૯ ઉપર વિચારણા કરવા બાબત.

મેડિકલ વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

Yes, on basis of reciprocation.

આ યુનિવર્સિટીની બી.ફાર્મ. કે એમ.ફાર્મ.ની પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થીને એમ.એસસી. (મેડિકલ) ફાર્માકૉલેજીના વર્ગ માટે જે શરતોને આધીન પ્રવેશપાત્ર ગણવામાં આવે છે તે જ ધોરણે અને શરતોને આધીન અન્ય યુનિ.ની બી.ફાર્મ. કે એમ.ફાર્મ. પરીક્ષા પાસ કરનારને આ યુનિ.ના ઉપરોક્ત એમ.એસસી. (મેડિકલ)ના ફાર્માકૉલેજીના અભ્યાસક્રમમાં પ્રવેશ માટે પ્રવેશપાત્ર ગણવા એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૭. પ્રી-યુનિ. બોર્ડ, ગવર્નમેન્ટ ઑફ માયસોર, બેંગલોર તરફથી લેવામાં આવતી "ટૂ યર પ્રી-યુનિ. કોર્સ (ટૂ યર્સ પ્રી-યુનિ. કોર્સ)ની પરીક્ષાને આપણી યુનિવર્સિટીની પ્રી-યુનિવર્સિટી પરીક્ષા તુલ્ય માન્ય કરવા અંગે તે સંસ્થાના અધ્યક્ષશ્રી તરફથી આવેલ તા. ૮-૫-૧૯૭૩ના પત્રાંક એસીએ-૧૪૨-૭૨-૭૩ ઉપર વિચારણા કરવા બાબત.

વિનયન વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

પ્રી-યુનિ. વિનયન સમકક્ષ ગણવું.

વિજ્ઞાન વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

The Pre-Univ. Course examination conducted by the Govt. of Mysore can be considered as equivalent to our Pre-Univ. Science Examination.

વાણિજ્ય વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

એકાઉન્ટ્સ અને કૉમર્સ વિષયો હોય તો આપણી પ્રી-યુનિ. કૉમર્સના સમકક્ષ ગણવી.

પ્રી-યુનિ. બોર્ડ, ગવર્નમેન્ટ ઑફ માયસોર, બેંગલોર તરફથી લેવામાં આવતી ટૂ યર્સ પ્રી-યુનિ. કૉર્સની પરીક્ષા આપણી યુનિ.ની વિનયન અને વિજ્ઞાનની પ્રી-યુનિ. પરીક્ષા વિષયોને અનુલક્ષીને તુલ્ય ગણવી અને જો આ પરીક્ષા એકાઉન્ટ્સ અને કૉમર્સના વિષય સાથે પાસ કરી હોય તો પ્રી-યુનિ. કૉમર્સ પરીક્ષા તુલ્ય ગણવા એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૮. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ દ્વારા લેવામાં આવતી કાયદા વિદ્યાશાખાની સેમેસ્ટર પદ્ધતિની પરીક્ષાઓને આપણી યુનિવર્સિટીની જે તે સેમેસ્ટર પદ્ધતિની પરીક્ષાઓ તુલ્ય માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ દ્વારા લેવામાં આવતી કાયદા વિદ્યાશાખાની સેમેસ્ટર પદ્ધતિની પરીક્ષા પાસ કરી વધુ અભ્યાસ માટે આવતા વિદ્યાર્થીઓના પ્રત્યેક કેસમાં વિદ્યાર્થીએ પાસ કરેલ જે તે સેમેસ્ટર પરીક્ષાના વિષયો જોઈ તેની જે તે સેમેસ્ટરમાં પ્રવેશપાત્રતા નક્કી કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૯. ઉત્કલ યુનિવર્સિટી, ભુવનેશ્વર તરફથી લેવામાં આવતી નીચે જણાવેલ પરીક્ષાઓને માન્ય કરવા અંગે તે યુનિવર્સિટી તરફથી આવેલ તા. ૧૫-૭-૭૫ના પત્રાંક એસી. ૧, આરએમ. ૧૩૮-૫૩૮૩૯ ઉપર વિચારણા કરવા બાબત :

બી.એ. ઍન્ડ બી.એડ., બી.એસસી. ઍન્ડ બી.એડ. બી.કૉમ. ઍન્ડ બી.એડ., બી.એસસી. ઍન્ડ બી.એડ. (ટેકનોલોજી).

(**નોંધ.**—પ્રી-યુનિ. હાયર સેકન્ડરી પછી ચાર વર્ષનો અભ્યાસક્રમ છે.)

વિનયન વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

બી.એડ. સમકક્ષ ગણી શકાય.

ઉત્કલ યુનિ., ભુવનેશ્વર દ્વારા લેવામાં આવતી બી.એ. ઍન્ડ બી.એડ., બી.એસસી. ઍન્ડ બી.એડ., બી.કૉમ. ઍન્ડ બી.એડ., બી.એસસી. ઍન્ડ બી.એડ. (ટેકનોલોજી) પરીક્ષાને આ યુનિવર્સિટીની બી.એડ. પરીક્ષા સમકક્ષ એમ.એડ.ના અભ્યાસક્રમમાં પ્રવેશ માટે પ્રવેશપાત્ર ગણવા માટે એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૧૦. વિક્રમ યુનિવર્સિટી, ઉજ્જૈન દ્વારા લેવામાં આવતી નીચે જણાવેલ પરીક્ષાઓને આ યુનિવર્સિટીની જે તે પરીક્ષાઓ તુલ્ય પારસ્પરિક ધોરણે માન્ય કરવા અંગે તે યુનિવર્સિટીના કુલસચિવશ્રીના તરફથી આવેલ તા. ૨૬-૨-૭૬ના પત્રાંક એડીએમએન-રેકગ-૭૬-આર. ૪૪૧૨ ઉપર વિચારણા કરવા બાબત.

એમ.એડ., એમ.એસસી. (હોમ સાયન્સ).

વિનયન વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

પારસ્પરિક ધોરણે માન્યતા આપવી.

વિક્રમ યુનિવર્સિટી, ઉજ્જૈન દ્વારા લેવામાં આવતી એમ.એડ. અને એમ.એસસી. (હોમ સાયન્સ) પરીક્ષાને પારસ્પરિક ધોરણે માન્ય રાખવા એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૧૧. ટ્રેનિંગ કૉલેજ ફૉર ધી ટીચર્સ ઑફ ધી ડેફ, અમદાવાદ દ્વારા લેવામાં આવતી "ડિપ્લોમા"ની પરીક્ષાને આપણી યુનિવર્સિટીની પ્રી-યુનિ. ટી.ડી. (ડી.એડ.) પરીક્ષા તુલ્ય માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—૧. આચાર્યશ્રી, બહેરા-મૂંગાની શાળા, અમદાવાદના પત્રની નકલ **પરિશિષ્ટ "અ"** તરીકે સામેલ છે.

૨. ટીચર્સ ફૉર ધી બ્લાઈન્ડ, અમદાવાદની ડિપ્લોમા પરીક્ષાને રેગ્યુ. ૭ અન્વયે માન્ય કરેલ છે.]

વિનયન વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

પાત્ર ગણવા.

ટ્રેનિંગ કૉલેજ ફૉર ધી ટીચર્સ ઑફ ડેફ, અમદાવાદ દ્વારા લેવામાં આવતી પરીક્ષા અંગેના અભ્યાસક્રમની વિગતો ઇત્યાદિ મંગાવી આ સભા સમક્ષ હવે પછી રજૂ કરવાનું રાખવું.

૧૨. બોર્ડ ઑફ ઇન્ટરમીડિયેટ, હૈદરાબાદ (એ.પી.) તરફથી લેવામાં આવતી "બે વર્ષની ઇન્ટરમીડિયેટ પરીક્ષા (ટૂ ઇયર ઇન્ટરમીડિયેટ)ને આ યુનિવર્સિટીની પ્રી-યુનિવર્સિટી પરીક્ષા તુલ્ય માન્ય કરવા અંગે તે સંસ્થાના સેક્રેટરીશ્રી તરફથી આવેલ તા. ૨૩-૮-૭૨ના પત્રાંક ૩૮-ઈ. ૨-૭૨ ઉપર વિચારણા કરવા બાબત.

વિનયન વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

પ્રી-યુનિ. આર્ટ્સ સમકક્ષ ગણી ફર્સ્ટ બી.એ.ના વર્ગમાં પ્રવેશ આપી શકાય.

વાણિજ્ય વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

સદરહુ પરીક્ષાને પ્રી-યુનિ. કૉમર્સની સમકક્ષ ગણવી.

વિજ્ઞાન વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

The said examination can be considered as equivalent to the corresponding Pre-Science Examination of our University.

બોર્ડ ઑફ ઇન્ટરમીડિયેટ, હૈદરાબાદ (એ.પી.) દ્વારા લેવામાં આવતી ઇન્ટરમીડિયેટ પરીક્ષા (ટ્રૂ-ઇયર ઇન્ટરમીડિયેટ)ને આપણી યુનિવર્સિટીની પ્રી-યુનિ. વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય તુલ્ય ગણવા એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૧૩. કેમ્બ્રિજ અને લંડન યુનિવર્સિટીઓ દ્વારા જુદા જુદા નામે લેવામાં આવતી ઓવરસીઝ સ્કૂલ સર્ટિફિકેટ અને જનરલ સર્ટિફિકેટ ઑફ એજ્યુકેશનની ઑર્ડિનરી લેવલની પરીક્ષાઓ જૂની એસ.એસ.સી. પરીક્ષા તુલ્ય માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત

(**નોંધ**.—પ્રી-યુનિ. વિજ્ઞાનના વર્ગના પ્રવેશ માટે સ્ટે. ૧૭૩ પ્રમાણે એલજીબ્રા-જ્યોમેટ્રી અને ફિઝિક્સ-કેમિસ્ટ્રી અથવા સામાન્ય વિજ્ઞાન સહિત આ પરીક્ષા પસાર કરવી જરૂરી રહેશે.)

કેમ્બ્રિજ યુનિવર્સિટી દ્વારા કાઉન્સિલ ફૉર ધી ઇન્ડિયન સ્કૂલ સર્ટિફિકેટની પરીક્ષા સિવાય લેવાતી ઓવરસીઝ પરીક્ષાઓ એટલે કે ઓવરસીઝ સ્કૂલ સર્ટિફિકેટ પરીક્ષા તેમ જ લંડન યુનિવર્સિટી દ્વારા લેવાતી જનરલ સર્ટિફિકેટ ઑફ એજ્યુકેશનની પરીક્ષા જે છ વિષય સાથે વિદ્યાર્થીએ ઉત્તીર્ણ કરી હોય તો તેને આપણી યુનિવર્સિટીના પ્રી-યુનિ.ના વર્ગ માટે પ્રવેશપાત્ર ગણવા અને આ વિદ્યાર્થીઓએ જે ઉપરોક્ત પરીક્ષા પાંચ વિષય સાથે પાસ કરી હોય, પરંતુ તે પાંચ વિષયો પૈકી ચાર વિષયમાં તેણે ક્રેડિટ પ્રાપ્ત કરી હોય તો તેને પણ આપણી યુનિવર્સિટીની પ્રી-યુનિવર્સિટીના વર્ગ માટે પ્રવેશપાત્ર ગણવા, પરંતુ પ્રી-યુનિવર્સિટી વિજ્ઞાનના વર્ગમાં ઉપરોક્ત પરીક્ષા પાસ કરી પ્રવેશ મેળવવા ઇચ્છતા વિદ્યાર્થીઓના કેસમાં તેણે ઉપરોક્ત પરીક્ષા મૅથેમેટિક્સ, ફિઝિક્સ, કેમિસ્ટ્રી અથવા જનરલ સાયન્સ સાથે પાસ કરી હોય તો જ પ્રી-યુનિવર્સિટી વિજ્ઞાનના વર્ગ માટે પ્રવેશપાત્ર ગણવા.

૧૪. કૃષિ યુનિવર્સિટીઓ હેઠળ આવતી વિજ્ઞાનવિદ્યાશાખા અને માન્ય વિદ્યાની કૉલેજોના સ્નાતકોને માનવવિદ્યા અને વિજ્ઞાનવિદ્યાના અનુસ્નાતક અભ્યાસ માટે પાત્ર ગણવા અંગે પરીક્ષાની સમકક્ષતા અંગે વિચારણા કરવા બાબત.

કૃષિ યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી ફિઝિકલ સાયન્સ અને હ્યુમેનિટીઝ વિષય સાથેની સ્નાતક પરીક્ષાઓ પૈકી જે વિદ્યાર્થીએ વિજ્ઞાનના વિષય સાથે પરીક્ષા પાસ કરી હોય તેને જ વિજ્ઞાન વિદ્યાશાખામાં અનુસ્નાતક અભ્યાસક્રમમાં તેમણે સ્નાતક કક્ષાએ રાખેલ વિષયો લક્ષમાં લઈ વિદ્યાશાખાના અધ્યક્ષનો અભિપ્રાય મેળવી પ્રવેશ આપવાનું રાખવા એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૧૫. આ સાથેની યાદીમાં જણાવેલ વિદ્યાર્થીઓને તેમનાં નામ સામે જણાવેલ અભ્યાસક્રમ માટે તદર્થ ધોરણે પ્રવેશપાત્ર ગણીને એલિજિબિલિટી સર્ટિફિકેટ આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવામાં આવી.

(યાદી **પરિશિષ્ટ "બ"** તરીકે સામેલ છે.)

૧૬. વેસ્ટ બેંગાલ કાઉન્સિલ ઓફ હાયર સેકન્ડરી એજ્યુકેશન. કલકત્તા દ્વારા લેવામાં આવતી હાયર સેકન્ડરી એજ્યુકેશન પરીક્ષાને આ યુનિવર્સિટીની પ્રી-યુનિ. પરીક્ષા તુલ્ય મૂલ્ય કરવા અંગે તે સંસ્થાના સેક્રેટરીશ્રી તરફથી આવેલ તા. ૫-૬-૭૬ના પત્રાંક ૨૯૨૭(૫૩) ઉપર વિચારણા બાબત.

વેસ્ટ બેંગાલ કાઉન્સિલ ઑફ હાયર સેકન્ડરી, કલકત્તા દ્વારા લેવામાં આવનાર હાયર સેકન્ડરી એજ્યુકેશન પરીક્ષા સેન્ટલ બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન, ન્યૂ દિલ્હી દ્વારા લેવાતી હાયર સેકન્ડરી પરીક્ષાને જે શરતોને આધીન માન્યતા આપી છે તે શરતોને આધીન માન્ય રાખવા આ સભા ભલામણ કરે છે.

૧૭. એફ.વાય.બી.એસસી.ની પરીક્ષા પસાર કરનાર જે વિદ્યાર્થીઓએ એસ.એસ.સી.ની પરીક્ષા ઉચ્ચતર ગણિત (હાયર મૅથેમેટિકસ)ના વિષય સાથે અને પ્રી-યુનિ. વિજ્ઞાનની પરીક્ષા ગણિત તથા બાયોલોજી વિષય સાથે પસાર કરી હોય તેવા વિદ્યાર્થીઓઓને જ ફર્સ્ટ બી.ફાર્મ.ના વર્ગ માટે પ્રવેશપાત્ર ગણવા અંગે આચાર્યશ્રી એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ તરફથી આવેલ તા. ૮-૬-૭૬ના પત્રાંક ૩૨૪ ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—જે વિદ્યાર્થીઓએ આપણી યુનિવર્સિટીની ફર્સ્ટ બી.એસસી. કે અન્ય યુનિવર્સિટી કે બોર્ડની ઇન્ટર સાયન્સ પરીક્ષા પાસ કરી હોય તેવા વિદ્યાર્થીઓને ફર્સ્ટ બી.ફાર્મ.ના વર્ગ માટે પ્રવેશપાત્ર ગણવામાં આવે છે.)

આ બાબતની વિચારણા મુલતવી રાખવી.

ત્યાર બાદ પ્રમુખસ્થાનેથી નીચેની બાબતો રજૂ કરવામાં આવી હતી :

૧૮. સ્કૂલ ઑફ આર્કિટેક્ટ, અમદાવાદ તરફથી લેવામાં આવતી ડિપ્લોમા કોર્સ ઇન આર્કિટેક્ટની પરીક્ષા પસાર કરનાર વિદ્યાર્થીને આ યુનિવર્સિટીમાં ફર્સ્ટ એલએલ.બી.ના વર્ગ માટે પ્રવેશપાત્ર ગણવા કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સ્કૂલ ઑફ આર્કિટેક્ટ, અમદાવાદ દ્વારા લેવામાં આવતી ડિપ્લોમા ઑફ આર્કિટેક્ટની પરીક્ષા ઉત્તીર્ણ કરીને આવનાર વિદ્યાર્થીને કાયદા વિદ્યાશાખાની પ્રથમ એલએલ.બી.-ના વર્ગમાં પ્રવેશપાત્ર ગણવા બાબત ડીનશ્રીનો અભિપ્રાય મેળવીને નિર્ણય લેવાનું રાખવું.

૧૯. ગુજરાત યુનિવર્સિટી સિવાય રાજ્યની અન્ય કોઈ યુનિ.ની પરીક્ષામાં જે વિદ્યાર્થીઓને એ.ટી.કે.ટી.નો લાભ મળ્યો હોય એટલે કે આગળના વર્ગમાં સત્રો ભરવાનો લાભ મળ્યો હોય તેવા વિદ્યાર્થીઓને આ યુનિવર્સિટીના આગળના અભ્યાસક્રમમાં પ્રવેશપાત્ર ગણવા કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

ગુજરાત યુનિવર્સિટી સિવાય રાજ્યની અન્ય કોઈ યુનિવર્સિટીની પરીક્ષામાં જે વિદ્યાર્થીઓ નાપાસ થયા હોય તેમ છતાં તેમને જે તે ઉપલા વર્ગમાં સત્રો ભરવાની છૂટ મળી હોય તેવા વિદ્યાર્થીઓને આપણી યુનિવર્સિટીમાં તે છૂટને આધારે જે તે વર્ગમાં આગળ અભ્યાસ માટે પ્રવેશપાત્ર ગણવા નહીં.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ક. રા. જોશી
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "અ"

બહેરા-મૂંગાની શાળા સોસાયટી, અમદાવાદ.

આશ્રમરોડ, અમદાવાદ-૯
તા. ૧-૫-૭૬.

પ્રતિ
મહામાત્રશ્રી
ગુજરાત યુનિવર્સિટી
અમદાવાદ

જયભારત સાથે નીચેની બાબતો તરફ આપનું ધ્યાન દોરું છું. ઉપરોક્ત સોસાયટી સંચાલિત નીચેની સંસ્થાઓ છે:

૧. ટ્રેનિંગ કૉલેજ ફૉર ધી ટીચર્સ ઑફ ધી ડેફ
૨. ટ્રેનિંગ કૉલેજ ફૉર ધી ટીચર્સ ઑફ ધી બ્લાઈન્ડ) હાલ થોડા સમય માટે સરકારે બંધ કરેલ છે.
૩. બહેરા-મૂંગાની શાળા
૪. અંધશાળા
૫. કલ્પના બાલમંદિર
૬. પુખ્ત વયના બધિરોનું તાલીમ કેન્દ્ર.

ઉપરોક્ત બંને તાલીમી કૉલેજમાં બધો જ ખર્ચ સરકારશ્રી ભોગવે છે અને આ બંને કૉલેજનો ડિપ્લોમા સરકાર માન્ય છે, જે આપને વિદિત થાય.

(સહી) રસિકભાઈ શાહ,
પ્રિન્સિપાલ,
ટ્રેનિંગ કૉલેજ ફૉર ધી ટીચર્સ ઑફ ધી ડેફ,
આશ્રમ રોડ, અમદાવાદ-૯.

પરિશિષ્ટ "બ"

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	યુનિ. અગર બોર્ડમાંથી જે પરીક્ષા પસાર કરી હોય તેનું નામ	જે વર્ગમાં દાખલ થવા માટે એલિજિબિલિટી સર્ટિ. કાઢી આપ્યું તે
૧.	૨	૩	૪
૧.	શ્રી. લક્ષ્મણ	પ્રી-યુનિ. કોર્સ ગવર્નમેન્ટ ઑફ કર્ણાટક, બોર્ડ ઑફ પ્રી-યુનિ. એજ્યુકેશન	ફર્સ્ટ બી.એ.
૨.	કુ. જ્યોતિ કપૂર	મૅન્ડયન સ્કૂલ સર્ટિફિકેટ (રેગ્યુ., અન્વયે શરતોનું પાલન થતું નથી)	ફર્સ્ટ બી.એ.
૩.	કુ. આચાર્ય જયશ્રી રામલક્ષ્મણ	બી.એ. પાર્ટ ૧, બનારસ	સેકન્ડ બી.એ.
૪.	શ્રી. શર્મા રોમેશકુમાર	મૅટ્રિકયુલેશન, જમ્મુ ઍન્ડ કાશ્મીર બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન, જમ્મુ	પ્રી-યુનિ. વિજ્ઞાન
૫.	શ્રી. પાઠક મીનાક્ષી એસ.	એમ.એ, પાર્ટ ૧, સારાષ્ટ્ર યુનિવર્સિટી	એમ.એ. પાર્ટ ૨
૬.	શ્રી. પી. મોહન પિલ્લાઈ	એમ.એ. કેરાળા	પીએચ.ડી.
૭.	કુ. તેરેસા એક્કા	મૅન્ટર સાયન્સ, રાંચી	ફર્સ્ટ મૅયર ફાર્મસી (ડિપ્લોમા)
૮.	શ્રી. દેસાઈ ભાસ્કર	હાયર સ્કૂલ સર્ટિફિકેટ, કેમ્બ્રિજ	ફર્સ્ટ બી.ફાર્મ.
૯.	શ્રી. સોલોમન એ. સુશીલકુમાર	ફાઇનલ મૅયર ઑફ ધી સેકન્ડરી સ્કૂલ પરીક્ષા, થાઈલેન્ડ	પ્રી-યુનિ. વિજ્ઞાન
૧૦.	શ્રી. મહેતા શરદ કે.	ડિપ્લોમા મૅન મૅન્ડસ્ટ્રિયલ હેલ્થ, પૂના	પીએચ.ડી.
૧૧.	કુ. શાહ નયના એસ.	સેકન્ડરી સ્કૂલ સર્ટિફિકેટ, ગવર્નમેન્ટ ઑફ ઈથોપિયા	પ્રી-યુનિ. વિજ્ઞાન

૧	૨	૩	૪
૧૨.	શ્રી. આથલે વસંત બી.	એમ.એસસી. (એગ્રિ.). પૂના	પીએચ.ડી.
૧૩.	શ્રી. ભૂજબળ ભાઉરાવ એમ.	,,	,,
૧૪.	કુ. ટોન્સે આસ્ એજેમ	હાયર સેકન્ડરી, બંગલા દેશ	ફર્સ્ટ બી.એસસી. (નર્સિંગ)
૧૫.	શ્રીમતી રાણી વી. ગુલરાજની (બીડે આર. એચ.)	બી.એસસી., સિન્ધ (પાકિસ્તાન)	બી.એડ.
૧૬.	કુ. રહેમાન મહેદી અબીદી ગીતી	હાઇસ્કૂલ પરીક્ષાના ૧૨મા ગ્રેડની, ઇરાન	ફર્સ્ટ બી.એસસી.
૧૭.	શ્રી. ભટ્ટ ગુણવંતરાય ઇચ્છાશંકર	મિકેનિકલ એન્જિ. વિથ ઓટોમોબાઇલ (બાનગી વિદ્યાર્થી તરીકે), ગવર્નમેન્ટ ઑફ તાલીમનાડુ	ફર્સ્ટ પી.ડી.ડી.સી.
૧૮.	શ્રી. ડી. ડી. સંઘવી	હાયર સેકન્ડરી, રંગૂન બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન, બર્મા	ફર્સ્ટ બી.એ.
૧૯.	કુ. આર. ડી. સંઘવી	,,	,,

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૨૫

A meeting of the Selection Committee for recommending names for appointment to the post of Reader-in-Microbiology in the University School of Sciences, Gujarat University, was held on Thursday, the 22nd July, 1976 at 11-30 a. m. Shri Ishwarbhai J. Patel, Vice-Chancellor, Gujarat University, presided.

The attendance of the Selection Committee members was as under :

1.	Shri Ishwarbhai J. Patel, Vice-Chancellor	Present
2.	Dr. M. V. N. Shirodkar	Present
3.	Dr. T. V. Subbaiah	Present
4.	Dr. Madhubhai Desai	Present
5.	Dr. V. C. Shah—Invitee	Present.

The following candinates were called for interview :

1.	Shri S. G. Desai	Present
2.	Dr. Hemlata D. Patel	Absent
3.	Dr. J. D. Desai	Present
4.	Shri G. S. Patel	Absent
5.	Shri M. B. Asani	Present
6.	Shri J. S. Shukla	Present
7.	Dr. (Mrs.) Subhadra R. Shah	Absent
8.	Dr. A. N. Kachhy	Present.

After interviewing the candidates who were present and considering Mrs. S. R. Shah's application in absentia, the Committee recommends that Dr. S. G. Desai be appointed as Reader.

(Sd.) Ishwarbhai J. Patel
(Sd.) Dr. M. V. N. Shirodkar
(Sd.) Dr. Madhubhai Desai
(Sd.) Dr. T. V. Subbaiah
(Sd.) Dr. V. C. Shah.

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૩૧

M.Com. Ext. 1 :

A person whose mother-tongue is Gujarati or who has resided in the Gujarat State for not less than one year immediately preceeding his application for registration shall be admitted to the M.Com. (External) Degree Examination, If he has—

(1) passed the B.Com. Degree Examination of this University or an Examination recognised as equivalent thereto; and

(2) applied for registration as an External candidate before the 31st August of the previous calendar year.

M.Com. O. Ext. 2 :

A candidate for the M.Com. (External) examination shall select the optional papers as per the scheme mentioned below :

Optional papers offered at the B.Com. Degree Examination	Paper to be selected as optional papers for M.Com. (External) exam. (Any two papers from the following papers, each paper being of 100 marks and three hours duration) over & above two compulsory papers.
1. Advanced Accounting and Auditing	Cost Accounting—Paper 1 Cost Accounting—Paper 2
2. Statistics	Advanced Statistics—Paper 1 Advanced Statistics—Paper 2
3. Actuarial Science	Actuarial Science—Paper 1 Actuarial Science—Paper 2.

Notwithstanding anything contained above, the candidates who have offered any one of the subjects viz. Advanced Accounting or Advanced Economic or Business Management or Banking or Economics of Cotton or Economics of Transport or Co-operation at the B.Com. Degree Examination as optional subjects shall select any two of the following papers carrying 100 marks and of 3 hours duration each.

1. Industry—Paper I (Industry and Labour)
2. Modern Finance—Paper I (Banking)

3. Agriculture—Paper I (Economics of Agriculture)
4. Modern Business—Paper I (Advanced Business Economics)

[*N.B.*—As there is dissertation at M.Com. Part II Examination in Business Management candidate who offered Business Management at B.Com. Examination will not be permitted to offer Business Management at M.Com. (External) Examination.]

O. M.Com. Ext. 3 :

A candidate for the M.Com. (External) degree Examination shall First pass the M.Com. Part I Examination and at least one year thereafter M.Com. Part II Examination, each part comprising four papers as specified in R. M.Com. 1, R. M.Com. 4 respectively.

O. M.Com. Ext. 4 :

(*i*) An external candidate registered for the M.Com. (External) Degree Examination shall be exempted from regular attendance and keeping of the terms at the University.

(*ii*) The Course of studies, the books prescribed or recommended, the standard of passing, etc., at the Examination for the M.Com. (External) Degree shall be the same as those for the M.Com. Examination of this University.

(*iii*) Candidates desiring to appear at the M.Com. Degree Examination as external candidates shall be required to register afresh for each Part of the examination.

M.Com. Ext. 5 :

A candidate registered for the M.Com. (External) Part I or Part II, as the case may be, shall apply in the form prescribed in this behalf by the University together with a registration fee of Rs. 100/- separately for Part I and Part II and the examination fee of Rs. 50/- prescribed for each part separately plus Rs. 5/- as sees for the marks statement for the examination concerned, provided that all these fees totalling Rs. 155/- shall be paid in one single instalment at the time of registration.

(*Note*.—Fees for Eligibility certificate or Migration Certificate or any other Certificate shall be payable separately as per University rules in this behalf in force from time to time).

M.Com. Ext. 6 :

Registeration fees once paid by a candidate shall not be refunded except as under:

(1) If a candidate is found not eligible for registration, full fees shall be refunded at his cost.

(2) If a candidate expires prior to the date of Commencement of the examination, full fees will be refunded to the first claimant, such claimant being his/her kith and kin at his cost.

(3) Where a candidate remains absent at the M.Com. (External) Degree Examination Part I or Part II, as the case may be, an amount of Rs. 25/- only will be refunded to him at his cost.

(4) If a candidate fails to submit the required documents such as marksheets, migration certificate, endorsement and/or affidavit in connection with requirements in respect of residence, etc., on or before 31st October, he will be considered ineligible and only examination fees together with the fees for the marks statement paid by him will be refunded to him at his cost.

(*N.B.*—Refund, if any, will be made in the month of December or as soon as possible thereafter)

M.Com. Ext. 7 :

Candidates passing M.Com. (External) Part I Examination with two optional papers selected by him shall have to select corresponding optional papers at M.Com. Part II Examination.

O. M.Com. 8 :

A candidate who has passed his M.Com. Degree Examination either as a Regular Student or as an External Student offering any four of the optional papers mentioned in R. M.Com. 1 & 4 shall be permitted to offer at the M.Com. Part II Examination, any four of the remaining papers Excepting Paper in Business management. Such a candidate shall be required to register himself afresh and to pay Rs. 155/- (i.e. Rs. 100/- as Registration fee+Rs. 50/- as Examination fee and Rs. 5/- for Mark Statement).

Provided that in the case of a candidate who thus appears at the M.Com. Part II examination, the marks obtained by him in the four compulsory papers at the previous examination shall be carried forward. Such a candidate will, in that case, be entitled to a class in the examination admissible under the rules of the University in that behalf, but will not be entitled to any prize or Scholarship or medal or any other award.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની ઍકૅડેમિક કાઉન્સિલની સને ૧૯૭૬ના વર્ષની પાંચમી સભા, શનિવાર, તા. ૬-૧૧-૧૯૭૬ના રોજ સવારના ૯-૦૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલે સંભાળ્યું હતું. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૬-૧૧-૧૯૭૬
૧.	શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલ, કુલપતિશ્રી	હાજર
૨.	પ્રો. કે. એસ. શાસ્ત્રી	હાજર
૩.	પ્રિ. કે. એન. શાહ	હાજર
૪.	શ્રી. એમ. એસ. પંડિત	ગેરહાજર
૫.	શ્રી. કે. જે. ભટ્ટ	હાજર
૬.	શ્રી. જી. આર. દેસાઈ	હાજર
૭.	ડૉ. જે. એન. પટેલ	હાજર
૮.	પ્રિ. સી. એસ. શાહ	ગેરહાજર
૯.	ડૉ. સી. પી. બોઘાણી	હાજર
૧૦.	પ્રો. કે. આર. ચંદ્રશેખરન	હાજર
૧૧.	ડૉ. એમ. એન. દેસાઈ	ગેરહાજર
૧૨.	ડૉ. પરેશ એમ. મજમુદાર	ગેરહાજર
૧૩.	ડૉ. સી. જી. ખત્રી	હાજર
૧૪.	ડૉ. સી. ટી. ભોપટકર	હાજર
૧૫.	પ્રિ. ડી. એમ. શીખ	હાજર
૧૬.	ડૉ. વી. સી. શાહ	હાજર
૧૭.	પ્રો. એ. એમ. રાવળ	ગેરહાજર
૧૮.	ડૉ. એ. એસ. નાગર	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૬--૧૧--૧૯૭૬
૧૯.	ડૉ. ઈ. એ. સોલોમન	ગેરહાજર
૨૦.	ડૉ. આર. કે. ધારૈયા	ગેરહાજર
૨૧.	પ્રો. ડી. એન. પાઠક	હાજર
૨૨.	પ્રિ. આર. વી. શાસ્ત્રી	હાજર
૨૩.	ડૉ. જે. એ. થાનિક	હાજર
૨૪.	પ્રો. એન. જે. પટેલ	ગેરહાજર
૨૫.	પ્રો. એચ. એન. રાવળ	ગેરહાજર
૨૬.	પ્રિ. વી. એસ. ભટ્ટ	ગેરહાજર
૨૭.	પ્રિ. પી. આર. દેસાઈ	હાજર
૨૮.	પ્રિ. એન. એસ. પંડ્યા	ગેરહાજર
૨૯.	ડૉ. એમ. એસ. કાનવિંદે	હાજર
૩૦.	ડૉ. કે. ભાર્ગવ	ગેરહાજર
૩૧.	પ્રો. એમ. બી. દેવાણી	હાજર
૩૨.	પ્રો. બી. વેણુગોપાલાચાર	હાજર
૩૩.	શ્રી. પી. એ. ત્રિવેદી	હાજર
૩૪.	ડૉ. ઉમાબહેન ડી. પટેલ	હાજર
૩૫.	ડૉ. સુમંત મજમુદાર	હાજર
૩૬.	ડૉ. એચ. જી. શાસ્ત્રી	ગેરહાજર.

૧. તા. ૪-૮-૧૯૭૬ના રોજ મળેલી એકૅડેમિક કાઉન્સિલની સને ૧૯૭૬ના વર્ષની ચોથી સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

તા. ૪-૮-૧૯૭૬ના રોજ મળેલી એકૅડેમિક કાઉન્સિલની સને ૧૯૭૬ના વર્ષની ચોથી સભાના કામકાજની નોંધ મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજ, નડિયાદ તરફથી જૂન ૧૯૭૭ થી બી.એ.(પ્રિન્સિ.)માં રાજ્યનીતિશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજ, નડિયાદ નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૭ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં રાજ્યનીતિશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૭થી તા. ૧૪-૬-૧૯૮૦ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં બાકી રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. રાજ્યશાસ્ત્ર વિષયનાં વ્યવસાયી જર્નલો અને અભ્યાસ સામયિકો મંગાવવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિન-શૈક્ષણિક કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિન-શૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લહેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૫. પ્રૉવિડન્ટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિન-શૈક્ષણિક કર્મચારીઓ માટે 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે.

૩. યુનિવર્સિટી ટ્રસ્ટ સૂરજબા મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદ, તરફથી જૂન ૧૯૭૭થી બી.એ. (પ્રિન્સિ)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર તથા બી.એ. (સબો.)માં મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિ. ટ્રસ્ટ સૂરજબા મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદ નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૭ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર, બી.એ. (સબો.)માં મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૭થી કાયમી જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. ગ્રંથાલયમાં પ્રત્યેક મુખ્ય વિષય માટે રૂ. ૨,૦૦૦ અને ગૌણ વિષય માટે રૂ. ૧,૦૦૦નાં નવાં પુસ્તકો વસાવવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦ નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકોને તેમ જ બિન-શૈક્ષણિક કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિન-શૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૫. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિન-શૈક્ષણિક કર્મચારીઓ માટે 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે;

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજનું બી.એ. (**સમા.**)માં સંસ્કૃતનું જોડાણ તા. ૧૪-૬-૧૯૭૭ના રોજ પૂરું થાય છે પરંતુ તેણે ચાલુ જોડાણ માગ્યું નથી તો તે અંગે જરૂરી ચકાસણી કરવા વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓના અધ્યક્ષોની બનેલી સમિતિ નીમવી.

૪. એસ. એલ. યુ. આર્ટ્સ કૉલેજ ફૉર વિમેન, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૭થી બી.એ. (પ્રિન્સિ)માં ગુજરાતી, હિંદી, સમાજશાસ્ત્ર, ભૂગોળ તથા બી.એ. (સમા.)માં મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે એસ. એલ. યુ. આર્ટ્સ કૉલેજ ફૉર વિમેન, અમદાવાદ નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૧-૧૧-૧૯૭૭ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, હિન્દી, સમાજશાસ્ત્ર, ભૂગોળ તથા બી.એ. (સમા.)માં મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫—૬—૧૯૭૭થી કાયમી જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૪. પ્રૉવિડન્ટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે 'ગ્રેચ્યુઈટી ફંડ' ઊભું કરવામાં આવે.

૫. આર. આર. લાલન કૉલેજ, ભૂજ (કચ્છ) તરફથી જૂન ૧૯૭૭થી બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી ગણિતશાસ્ત્ર, હિંદી, અને બી.એ. (ગૌણ)માં એકડાપદ્ધતિ તથા બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને બી.એસસી. (જન.)માં વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટેની કાયમી જોડાણ માટેની અરજી.

"આથી ઠરાવવામાં આવે છે કે શેઠ વી. એસ. લૉ કૉલેજ, ઊંઝા નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦-૬-૧૯૭૭ સુધીમાં કરે તો તેને, બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયાની તપાસસમિતિના હેવાલને આધીન, દ્વિતીય એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૭થી તા. ૧૪-૬-૧૯૭૮ સુધીનું ચાલુ જોડાણ તથા તૃતીય એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૭થી તા. ૧૪-૬-૧૯૭૮ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મેળવવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં બાકી રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

(૨) પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૩) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને

તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

(૪) પ્રોવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

(૫) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકો તેમ જ બિનશિક્ષક વર્ગના કર્મચારીઓ માટે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે;

(૬) પ્રથમ તથા દ્વિતીય એલએલ.બી. તથા તૃતીય એલએલ.બી.નો એક-એક વર્ગ રાખવામાં આવે."

૩. અર્થશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૧/૬-૭-૧૯૭૭ની સભાની ભલામણના સંદર્ભમાં શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાના અધ્યક્ષના અભિપ્રાય મુજબ દ્વિતીય વર્ષ બી.એ.ના અર્થશાસ્ત્રના નિબંધના પ્રશ્નપત્રમાંથી નીચેના ક્રમાંકવાળા નિબંધો રદ કર્યાના :

(1) (1) Economic Nature and Methodology
(11) (2) Strategy of Planning in India
(15) (3) Trends in money supply and its effects in India since 1951
(22) (4) Evaluation of co-operative movement in India.

૪. બિઝનેસ મેનેજમેન્ટની અભ્યાસસમિતિએ તેની તા. ૧૮-૭-૧૯૭૭ની સભામાં એમ.કૉમ. ભાગ ૨ના ફરજિયાત બિઝનેસ મેનેજમેન્ટના પ્રશ્નપત્ર ૪નો જે નવો અભ્યાસક્રમ સૂચવ્યો છે તે પૈકીના નીચેના મુદ્દા (૧) અને (૨) મંજૂર કર્યાના :

In force from June 1977 and onwards

Paper IV : **Business Managment :**

(1) Schools of Managment thought
(2) Planning — External and Internal Planning Premises-time element in Planning-Difficulties of Planning.

૫. વાણિજ્ય વિષયના એમ.કૉમ.ના ભાગ-૧ અને ભાગ-૨ના નીચેના વિષયોના અભ્યાસક્રમો તાત્કાલિક એટલે કે ચાલુ વર્ષ ૧૯૭૭ના શૈક્ષણિક વર્ષથી અમલમાં મૂકી તે અંગેના સંબંધકર્તા રેગ્યુ. એમ.કૉમ. ૧ અને ૨, અને રેગ્યુ. એમ.કૉમ. ૪ અને ૫ મંજૂર કર્યાના :

M.Com. Part I

Reg. M.Com. 1 & 2
Group A, Compulsory
**Paper III* : **Business Finance*

M.Com. Part II

Reg. M.Com. 4 & 5
Group A, Compulsory
Paper III : **Marketing Organisation & Practice**

Gr. B (Voluntary subjects)	**Gr. B** (Voluntary subjects)
(*e*) Industry	*Paper II* : Trade and Transport
Paper–I, Industry & Labour	*Paper II* : Co-operative and
(*f*) Agriculture :	Rural Development
Paper–I, Economics of Agriculture	*Paper II* : International Finance
(g) Modern Finance	
Paper–I, Banking	

[**નોંધ.**—પ્રશ્નપત્રનું નામ "કૉર્પોરેશન ફાઇનાન્સ"ને બદલે "બિઝનેસ ફાઈનાન્સ" રાખેલ છે.]

૬. ૧૯૭૮ની પરીક્ષા માટે થર્ડ બી.કૉમ.ના બિઝનેસ મૅનેજમેન્ટ–પેપર ૪ના ડિઝર્ટેશનના વિષયો (topics) તથા ૧૯૭૮ની પરીક્ષા માટે એમ.કૉમ.–ભાગ ૨ના બિઝનેસ મૅનેજમેન્ટના ડિઝર્ટેશનના ટોપિક્સ આ સાથે આપેલા **પરિશિષ્ટ** મુજબ નિયત કર્યાના;

૭. એકાઉન્ટ વિષયના એમ.કૉમ. ભાગ ૨ના પેપર ૩ મૅનેજમેન્ટ એકાઉન્ટસી અને પેપર ૪ મૅનેજમેન્ટ એકાઉન્ટન્સી (ઇન્ફ્લુએન્સિંગ એડવાન્સ્ડ એકાઉન્ટન્સી)ના અભ્યાસક્રમો આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ સુધારી તેને જૂન ૧૯૭૭થી અમલમાં મૂકયાના;

૮. પ્રભુદાસ ઠક્કર કૉલેજ, અમદાવાદને બી.એ. (ગ્રિન્સ.))માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, સંસ્કૃત, રાજ્યનીતિશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન તથા બી.એ. (સમો.)માં હિન્દી, અંગ્રેજી, મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૭થી તા. ૧૪-૬-૧૯૭૮ સુધીનું ચાલુ જનેડાણ આપવા માટેનું જાહેરનામું બહાર પાડયાના;

૯. અંગ્રેજીની અભ્યાસસમિતિના અધ્યક્ષની ભલામણના સંદર્ભમાં વિનયન વિદ્યાશાખાના અધ્યક્ષના સૂચન મુજબ અંગ્રેજી વિષયના સ્ટ્રીમ "બી"ના અભ્યાસક્રમ મુજબ પરીક્ષા આપી પ્રી-યુનિ. વર્ગની પરીક્ષામાં જે વિદ્યાર્થીઓ બીજા વર્ગમાં કે પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયા હોય તેમને જ ત્રિવાર્ષિક અભ્યાસક્રમના પ્રથમ વર્ષ એટલે કે પહેલા વર્ષ બી.એ.માં ફક્ત ૧૯૭૬-૭૭ વર્ષ પૂરતું જ એડહોક ધોરણે મુખ્ય કે ગૌણ વિષય તરીકે અંગ્રેજી વિષય લેવા દેવાની છૂટ આપવામાં આવી હતી તે છૂટ વધુ બે વર્ષ માટે ચાલુ રાખ્યાના;

૧૦. ત્રીજા વર્ષ બી.એ.ની ૧૯૭૮ના વર્ષમાં લેવાનારી ગુજરાતી વિષયની પરીક્ષાના પ્રશ્નપત્ર ૪ "ગ્રંથકારનો અભ્યાસ"ના અભ્યાસક્રમમાં ન્હાનાલાલનાં જે ત્રણ પુસ્તકો અભ્યાસ માટે નિયત કર્યું છે તે પૈકીનું "આપણાં સાક્ષરરત્નો—ભાગ ૧" અભ્યાસક્રમમાંથી રદ કર્યાના;

૧૧. ત્રીજા વર્ષ બી.એ.ની ૧૯૭૮ના વર્ષમાં લેવાનારી ગુજરાતી વિષયની પરીક્ષાના પ્રશ્નપત્ર ૯ માટે સૂચિત પુસ્તક તરીકે અગાઉ નિયત કરવામાં આવેલ "Judgement in

Literature : W. Worsfold "ને બદલે "An Introduction to the Study of Literature : W. H. Hudson Chap. 1 & 2" નિયત કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

(મંજૂર કરેલા અભ્યાસક્રમોની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૩. સ્વાયત્તતા અંગેનાં ધોરણોની બાબતમાં પુનર્વિચારણા કરવા માટે શ્રી એસ. કે. શાહ એન્ડ શ્રીકૃષ્ણ એ. એમ. આર્ટ્સ કૉલેજ, મોડાસાના આચાર્યશ્રી તરફથી આવેલા તા. ૨૨-૬-૧૯૭૭ ના પત્રાંક ૧૯૭૭-૭૮ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત આ સભાગૃહે તેની તા. ૨૨-૪-૧૯૭૭ની સભામાં બાબત ક્રમાંક ૩ અને ૪ની બાબતો પરના ઠરાવથી નીમેલ સમિતિની વિચારણા માટે મોકલવી.

૪. સંલગ્ન કૉલેજોમાં પદવી કક્ષાએ શીખવવામાં આવતા સંસ્કૃત વિષય માટે પૂર્ણ સમયના વ્યાખ્યાતાને સ્થાને ખંડ સમયના વ્યાખ્યાતા દ્વારા શિક્ષણકાર્ય ચલાવવાની પરવાનગી આપવા અને પ્રવર્તમાન ઑર્ડિ. ૧૨૦-એ માં જરૂરી સુધારો કરવા માટે તોલાણી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, આદિપુરના આચાર્યશ્રીના તા. ૨૫-૬-૧૯૭૭ના પત્રથી આવેલ સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

અને

૧૩. સંલગ્ન વિનયન કૉલેજોમાં પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષના વર્ગોમાં શીખવવામાં આવતા વૈકલ્પિક વિષયો માટે નવી નિમણૂક કરવાની હોય તો કાર્યભારના સંદર્ભમાં પૂર્ણ સમયના શિક્ષકને બદલે ખંડ સમયના શિક્ષકની નિમણૂક દ્વારા શિક્ષણકાર્ય ચલાવવા દેવા ઑર્ડિનન્સમાં બદલો સુધારો કરવાનું સૂચવતા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણના આચાર્યશ્રીના પત્ર પર વિચારણા કરવા બાબત.

બાબત ક્રમાંક ૪ અને ૧૩ની વિચારણા સાથે કરવામાં આવી.

ચર્ચા-વિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે, વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓની કૉલેજોમાં કામ કરતા અધ્યાપકોને તેમના અનુસ્નાતક કક્ષાના મુખ્ય વિષય ઉપરાંત ફક્ત પ્રથમ વર્ષ (એફ.વાય.)ની કક્ષાએ તેમને ગૌણ કે પૂરક વિષય શીખવવા માટે પણ પાત્ર ગણવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૫. તબીબી અભ્યાસક્રમમાં પ્રવેશ માટે હાયર સેકન્ડરીની પરીક્ષા વિજ્ઞાનના વિષયો ઉપરાંત અંગ્રેજી વિષય સાથે પણ પાસ કરી હોવી જોઈએ તેમ ઇન્ડિયન મેડિકલ કાઉન્સિલની ભલામણ પરથી તબીબી વિદ્યાશાખાએ સૂચવ્યું છે તેના સંદર્ભમાં યુનિવર્સિટી ધારાની કલમ ૪૨—એ માં નીચે મુજબ સુધારો કરવા રાજ્ય સરકારને ભલામણ કરવા વિચારણા કરવા બાબત :

Section 42-A : " No student shall be eligible for enrolment as a student in the Faculties of Arts, Science and Commerce of

the University merely on the ground that he has not passed the examination, which he is required to pass for such enrolment with English as one of its subjects."

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૪૨-એ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવાની રાજ્ય સરકારને ભલામણ કરવી :

Section 42-A : "No student shall be ineligible for enrolment as a student in the Faculties of Arts, Science and Commerce of the University merely on the ground that he has not passed the examination, which he is required to pass for such enrolment with English as one of its subjects."

૬. યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં પ્રોફેસર, રીડર અને વ્યાખ્યાતાની નીચેની જગ્યાઓની નીચેની તારીખોએ મળેલી વરણી સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત :

ક્રમાંક	ભવન	જગ્યાનું નામ	વરણીસમિતિની તારીખ
૧.	ભાષા ભવન	પ્રોફેસર ઑફ ઇંગ્લિશ	૧૧-૭-૧૯૭૭
		લેકચરર ઇન ઇંગ્લિશ	૧૧-૭-૧૯૭૭
		પ્રોફેસર ઑફ હિંદી	૧૩-૭-૧૯૭૭
		લેકચરર ઇન હિંદી	૧૩-૭-૧૯૭૭
		પ્રોફેસર ઑફ ગુજરાતી	૧૧-૭-૧૯૭૭
		રીડર ઇન ગુજરાતી	૧૫-૭-૧૯૭૭
૨.	સમાજવિદ્યા ભવન	પ્રોફેસર ઑફ હિસ્ટરી	૧૪-૭-૧૯૭૭
		રીડર ઇન હિસ્ટરી	૧૪-૭-૧૯૭૭
		લેકચરર ઇન હિસ્ટરી	૧૪-૭-૧૯૭૭

સદરહુ બાબત ચર્ચા-વિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે આચાર્ય બી. એમ. પીરજાદાએ યુનિવર્સિટીનાં જુદાં જુદાં વિદ્યાભવનોમાં કામ કરતા શિક્ષકોના કાર્યભાર અંગેની માહિતી માંગી. સદરહુ માહિતી તત્કાલ ઉપલબ્ધ નથી એમ અધ્યક્ષશ્રીએ જણાવ્યું.

તે પછી કેટલીક ચર્ચા-વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

૧. પ્રોફેસર ઑફ ઇંગ્લિશની જગ્યા માટેની વરણીસમિતિની તા. ૧૧-૭-૧૯૭૭ની ભલામણ અનુસાર ડૉ. આર. એ. માલાધીની નિમણૂક કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૨. લેકચરર ઇન ઇંગ્લિશની જગ્યા માટેની વરણીસમિતિની તા. ૧૧-૭-૧૯૭૭ની ભલામણ અનુસાર કુ. એ. આઈ. અમીનની નિમણૂક કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને કરવી.

૩. પ્રોફેસર ઑફ હિન્દીની જગ્યા માટેની વરણીસમિતિની તા. ૧૩-૭-૧૯૭૭ની ભલામણ અનુસાર ડૉ. એ. એસ. નાગરની નિમણૂક કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૪. લેકચરર ઇન હિન્દીની બે જગ્યા માટેની વરણીસમિતિની તા. ૧૩-૭-૧૯૭૭ની ભલામણ અનુસાર ડૉ. આર. જી. ગુપ્તા અને શ્રી. આર. ડી. ચૌધરીની નિમણૂક કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૫. પ્રોફેસર ઑફ ગુજરાતીની જગ્યા માટેની વરણીસમિતિની તા. ૧૫-૭-૧૯૭૭ની ભલામણ અનુસાર ડૉ. આર. જે. જોશીની નિમણૂક કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૬. રીડર ઇન ગુજરાતીની જગ્યા માટેની વરણીસમિતિની તા. ૧૫-૭-૧૯૭૭ની ભલામણ અનુસાર ડૉ. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટની નિમણૂક કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૭. પ્રોફેસર ઑફ હિસ્ટરીની જગ્યા માટેની વરણીસમિતિની તા. ૧૪-૭-૧૯૭૭ની ભલામણ અનુસારે ડૉ. આર. કે. ધારૈયાની નિમણૂક કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૮. રીડર ઇન હિસ્ટરીની જગ્યા માટેની વરણીસમિતિની તા. ૧૪-૭-૧૯૭૭ની ભલામણ અનુસાર ડૉ. આર. એલ. રાવળની નિમણૂક કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૯. લેકચરર ઇન હિસ્ટરીની જગ્યા માટેની વરણીસમિતિની તા. ૧૪-૭-૧૯૭૭ની ભલામણ અનુસાર ડૉ. કુ. ઉષા જી. ભટ્ટની નિમણૂક કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી

[તા. ૧૧, ૧૩, ૧૪ અને ૧૫-૭-૧૯૭૭ની વરણીસમિતિઓની ભલામણની નકલ પરિશિષ્ટ "બ" તરીકે સામેલ છે.]

૭. યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં પ્રોફેસર, રીડર અને વ્યાખ્યાતાની નીચેની જગ્યાઓની નીચેની તારીખોએ મળેલી વરણી સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત :

ક્રમાંક	ભવનનું નામ	જગ્યાનું નામ	વરણી સમિતિની તારીખ
૧.	સમાજવિદ્યા ભવન	રીડર ઇન ઇકોનોમિક્સ	૧-૮-૧૯૭૭
		લેકચરર ઇન ઇકોનોમિક્સ	૧-૮-૧૯૭૭
		પ્રોફેસર ઇન સોશિયોલોજી	૪-૮-૧૯૭૭
		રીડર ઇન સોશિયોલોજી	૪-૮-૧૯૭૭
		લેકચરર ઇન જ્યોગ્રાફી	૧૪-૮-૧૯૭૭

૨. ભાષા-સાહિત્ય ભવન	પ્રૉફેસર ઇન સંસ્કૃત	૧૦-૮-૧૯૭૭
	લેક્ચરર, ઇન સંસ્કૃત	૧૦-૮-૧૯૭૭
	લેક્ચરર ઇન ગુજરાતી	૪-૮-૧૯૭૭
૩. વિજ્ઞાન વિદ્યાભવન	પ્રૉફેસર ઇન ફિઝિક્સ	૨-૮-૧૯૭૭
	રીડર ઇન ફિઝિક્સ	૨-૮-૧૯૭૭.

કેટલીક ચર્ચા-વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

૧. રીડર ઇન ઇકોનોમિક્સની બે જગ્યા માટેની વરણીસમિતિની તા. ૧—૮—૧૯૭૭ની ભલામણ અનુસાર ડૉ. ઇન્દિરા એ. હિરવે અને શ્રી. બી. બી. જનીની નિમણૂક કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૨. લેક્ચરર ઇન ઇકોનોમિક્સની જગ્યા માટેની વરણીસમિતિ તા. ૧—૮—૧૯૭૭ની ભલામણ અનુસાર શ્રી. પી. સી. વોરાની નિમણૂક કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૩. પ્રોફેસર ઇન સોશિયોલોજીની જગ્યા માટેની વરણીસમિતિની તા. ૪—૮—૧૯૭૭ની ભલામણ અનુસાર ડૉ. વી. પી. શાહની નિમણૂક કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૪. રીડર ઇન સોશિયોલોજીની જગ્યા માટેની વરણીસમિતિની તા. ૪—૮—૧૯૭૭ની ભલામણ અનુસાર ડૉ. ઈ. જે. મશીહીની નિમણૂક કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૫. લેક્ચરર ઇન જોગ્રાફીની જગ્યા માટેની વરણીસમિતિની તા. ૧૪—૮—૧૯૭૭ની ભલામણ અનુસાર ડૉ. કે. એમ. કુલકર્ણીની નિમણૂક કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૬. પ્રોફેસર ઇન સંસ્કૃતની જગ્યા માટેની વરણીસમિતિની તા. ૧૦—૮—૧૯૭૭ની ભલામણ અનુસાર ડૉ. ઈસ્તરબહેન એ. સોલોમનની નિમણૂક કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૭. લેક્ચરર ઇન સંસ્કૃતની જગ્યા માટેની વરણીસમિતિની તા. ૧૦—૮—૧૯૭૭ની ભલામણ અનુસાર ડૉ. ભગવતીપ્રસાદ પંડ્યાની નિમણૂક કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૮. લેક્ચરર ઇન ગુજરાતીની બે જગ્યા માટેની વરણીસમિતિની તા. ૪—૮—૧૯૭૭ની ભલામણ અનુસાર ડૉ. સુમનચંદ્ર જી. શાહ અને શ્રી. ધીરુભાઈ આઈ. પરીખની નિમણૂક કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૯. પ્રોફેસર ઇન ફિઝિક્સની જગ્યા માટેની વરણીસમિતિની તા. ૨—૮—૧૯૭૭ની ભલામણ અનુસાર ડૉ. કે. એમ. કોટડિયાની નિમણૂક કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૦. રીડર ઇન ફિઝિક્સની જગ્યા માટેની વરણીસમિતિની તા. ૨—૮—૧૯૭૭ની ભલામણ અનુસાર ડૉ. વી. બી. ગોહિલની નિમણૂક કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

[સદરહુ વરણીસમિતિઓની તા. ૧, ૨, ૪, ૧૦ અને ૧૪—૮—૧૯૭૭ની ભલામણની નકલ **પરિશિષ્ટ** "ગ" તરીકે સામેલ છે.]

૮. શિક્ષણની અભ્યાસસમિતિની તા. ૩૦–૬–૧૯૭૭ની સભાની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

(અ) બી.એડ.ના અભ્યાસક્રમમાં નવા દાખલ કરાયેલા કન્ટેન્ટના વિષયો શીખવવા માટે જે તે વિષયની અનુસ્નાતક પદવી અથવા **સમર** ઇન્સ્ટિટ્યૂટમાં તાલીમ લીધેલી હોય તેવા શિક્ષકોને ટીચિંગ ઑફ મેથડ માટે ચાલુ વર્ષ પૂરતું બી.એડ.ની કૉલેજના અધ્યાપકોને મંજૂરી આપવા ભલામણ કરવામાં આવે છે.

(બ) વાણિજ્યના ગણિતના વિષયના "કન્ટેન્ટ ઍન્ડ મેથડ્સ" માટે વાણિજ્યના અનુસ્નાતક અથવા હાલના ગણિતશાસ્ત્રના માન્ય શિક્ષકને શીખવવા માટે માન્ય ગણવા ભલામણ કરવામાં આવે છે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ (અ) અને (બ) મંજૂર કરવી.

૯. તબીબી વિદ્યાશાખાની તા. ૪–૭–૧૯૭૭ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"ડી. એમ. એલ. ટી.ના અભ્યાસક્રમમાં પાસ થવા માટે દરેક પ્રશ્નપત્રમાં ૫૦ ટકા ગુણ મેળવવાના છે તેને બદલે ત્રણ પ્રશ્નપત્રમાં તેના ૫૦ ટકા ગુણ મેળવવાનું ધોરણ રાખવું અને તે માટે રેગ્યુ. ડી. એમ. એલ. ટી. ૩ નીચે મુજબ સુધારવા ભલામણ કરવી :

Reg. D.M.L.T. 3 :

In order to pass the diploma examination, a candidate must obtain at least 50 per cent of the total marks in the three theory papers taken together and 50 per cent of the total marks in the practical work and the oral examination."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ રેગ્યુ. ડી. એમ. એલ. ટી. ૩ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારીને તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૧૦. સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૧૧ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવેલી છે.

૧૧. એમ.એ. નિયમિત વિદ્યાર્થી માટેના ઑર્ડિ. એમ.એ.-૧ (બી)ના પેરા ૧ પછી તથા એમ.એ. (એકસ્ટર્નલ)ના ઑર્ડિ. એમ.એ. (એકસ્ટર્નલ) ૯ના પેરા ૧ પછી નીચેના પ્રોવિઝો ઉમેરી તે ઑર્ડિનન્સીઝ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા વિચારણા કરવા બાબત :

"Provided that a candidate who thus re-appear at the M.A. Part II Examination with Group 'F' i.e. Sociology shall offer the following four papers :

(1) Sociology of Family
(2) Industrial Sociology
(3) Rural Sociology
(4) Urban Sociology."

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરની ભલામણ મંજૂર કરવા તથા તે મુજબ ઑર્ડિ. એમ.એ.-૧ (બી)ના પેરા ૧ પછી તથા ઑર્ડિ. એમ.એ (એકસ્ટર્નલ) ૯ના પેરા ૧ પછી ઉપરનો પ્રોવિઝો ઉમેરીને તે મુજબ સુધારેલા સદરહુ ઑર્ડિનન્સો મંજૂર કરવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૨. શિક્ષણની અભ્યાસસમિતિની તા. ૩૦-૬-૧૯૭૭ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"વધુમતે ઠરાવવામાં આવ્યું કે પોલ સમિતિના અહેવાલમાં (૫) ૨૦(૩) કરેલ ભલામણ પ્રમાણે શિક્ષણની સંલગ્ન કૉલેજમાં વિદ્યાર્થી-શિક્ષકનું પ્રમાણ ૧૨ : ૧ નું રાખવાની ભલામણ આ સભા જે તે સત્તામંડળને કરે છે. આ જોગવાઈ પ્રમાણે સંલગ્ન શિક્ષણની કૉલેજમાં વિદ્યાર્થી-શિક્ષકનું પ્રમાણથી વધારાના ૧૦ ટકા વિદ્યાર્થીઓ લેવાની પરવાનગી ન આપવાની ભલામણ આ સભા જે તે સત્તામંડળને કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૩. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત ક્રમાંક ૪ સાથે કરવામાં આવેલી હોઇ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૧૪. ઑકટોબર ૧૯૭૭માં લેવાનાર પરીક્ષાઓ માટે આ યુનિવર્સિટીની જુદી જુદી વિદ્યાશાખાઓની જે તે વિષયોની પરીક્ષા સમિતિએ કરેલ જુદી જુદી પરીક્ષાઓ માટેના પરીક્ષકો-પ્રાશ્નિકોનાં નામોની ભલામણ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઑકટોબર ૧૯૭૭માં લેવાનાર જુદી જુદી પરીક્ષાઓ માટે પ્રાશ્નિકો-પરીક્ષકોની નિમણૂકો અંગે જુદી જુદી વિદ્યાશાખાઓની પરીક્ષા સમિતિઓએ કરેલી ભલામણો માન્ય કરવી અને તે એકિઝકયુટિવ કાઉન્સિલની વિચારણા માટે મોકલવી.

(**નોંધ.**—સદરહુ ભલામણો અંગે કોઈ પણ સભ્ય સૂચનો કરવા ઇચ્છતા હોય તો તેઓ ખાનગી રાહે પોતાનાં સૂચનો કુલપતિશ્રીને મોકલી આપે એમ પણ સૂચવવામાં આવ્યું.)

૧૫. એમ.એસસી. (મેડિકલ) પાર્ટ ૧ પરીક્ષામાં નાપાસ થનાર વિદ્યાર્થીએ જે પ્રશ્નપત્રમાં ૫૦ ટકા ગુણ મેળવ્યા હોય તેમને તે પ્રશ્નપત્રમાં મુક્તિ આપવા અંગે વિચારણા કરવા બાબત તેમ જ તેને લગતો રેગ્યુલેશન એમ.એસસી. (મેડ.) ૨-એ મંજૂર કરવા બાબત :

Reg. M.Sc. (Med.) 2A :

A candidate who fails to pass the whole examination may, at his option, be exempted from reappearing in the paper in which he has passed.

N.B.—This Regulation will be in force from the examination to be held in March 1978 onwards."

અને

૧૦. તબીબી વિદ્યાશાખાની તા. ૪-૭-૧૯૭૭ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે એમ.એસસી. (મેડિકલ)ની પરીક્ષામાં નાપાસ થયેલા વિદ્યાર્થીની ફરીથી તે પરીક્ષામાં બેસે ત્યારે જે પ્રશ્નપત્રમાં તેણે પાસ થવા માટેના જરૂરી ગુણ મેળવ્યા હોય તેમાં ફરીથી બેસવાની જરૂરિયાત ના રાખવી અને તે માટે રેગ્યુ. એમ.એસસી. મેડિકલ-૨ નીચે મુજબ સુધારવા ભલામણ કરવી :

M.Sc. (Med.) 2 :

To pass M.Sc. (Medical) Part I Examination, a candidate will be required to obtain at least 50 per cent marks in each paper. A candidate having failed to pass the examination will not be required to appear in a paper when he reappears, if he has obtained the minimum marks required to pass in that paper, in previous examination."

બાબત ક્રમાંક ૧૦ અને ૧૫ની વિચારણા સાથે કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે, સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ રેગ્યુ. એમ.એસસી. (મેડ.) ૨ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો અને તેને ૧૯૭૭ની પરીક્ષાને લાગુ પડે તે રીતે અમલમાં મૂકવો.

૧૬. શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાના ડીન શ્રી. અંબુભાઈ ટી. દેસાઈના નીચેના પ્રસ્તાવો પર વિચારણા કરવા બાબત :

પ્રસ્તાવ ૧ :

"વિનયન વિદ્યાશાખામાં અનુસ્નાતક કક્ષાએ પ્રવેશ મેળવવા માટે વિદ્યાર્થીએ ટી.વાય.બી.એ.માં ઓછામાં ઓછો બીજો વર્ગ મેળવેલો હોવો જોઈએ એવો નિયમ હાલ અમલમાં છે, તેને બદલે વિદ્યાર્થી જે વિષયમાં અનુસ્નાતક કક્ષાએ પ્રવેશ મેળવવા ઇચ્છે, તે વિષયમાં ટી.વાય.બી.એ. કક્ષાએ ત્રીજો વર્ગ મેળવેલો હોય તો તેને પણ પ્રવેશપાત્ર ગણવો એટલો ઉમેરો હાલનાં પ્રવેશનાં ધોરણોમાં કરી લેવા આ સભા યુનિવર્સિટીને અનુરોધ કરે છે."

પ્રસ્તાવ ૨ :

"વિનયન વિદ્યાશાખામાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓને મુખ્ય અને ગૌણ વિષયોની પસંદગી માટે વિષયોને બે જૂથમાં વહેંચેલા છે, એને લીધે વિદ્યાર્થીને વિષય-પસંદગીની જોઈએ તેવી મોકળાશ રહેતી નથી. ભાષાનો વિદ્યાર્થી ગૌણ વિષય તરીકે સમાજવિજ્ઞાનનો કોઇ વિષય પસંદ કરે તો તેથી કાંઈ જ ખોટું થતું નથી. ઇન્ટરડિસિપ્લિનના વિચારને આજે હવે વધુ મહત્ત્વ અપાય છે, અને કેટલીક યુનિવર્સિટીઓમાં તે આર્ટ્સના વિષય વાણિજ્યની વિદ્યાશાખામાં કે વાણિજ્યના વિષય વિનયનની વિદ્યાશાખામાં શીખવાય તેવી જોગવાઇ થયેલી છે. ત્યારે આપણે ત્યાં તો વિનયન વિદ્યાશાખામાં જ વિષયોની મુક્ત પસંદગી રોકવામાં આવેલી છે, જે સત્વરે દૂર થવી જોઈએ. આથી પ્રથમ વર્ષ બી.એ.માં વિષયપસંદગી માટે હાલના નિયમોમાં જે બે જૂથ રચેલાં છે તે દૂર કરીને તે બધા જ વિષયોમાં એક જૂથ નીચે મૂકવા અને તે પ્રમાણે યુનિવર્સિટીના નિયમોને સુધારી લેવા આ સભા યુનિવર્સિટીને અનુરોધ કરે છે.

વધુમાં ઉપરના બન્ને પ્રસ્તાવ ૧૯૭૭-૭૮ના વર્ષથી જ અમલી બને તે રીતે વિચારણા કરવા આ સભા યુનિવર્સિટીનાં જે તે સત્તામંડળોને વિનંતી કરે છે."

(૧) આથી ઠરાવવામાં આવે છે કે એમ.એ., એમ.એસસી. અને એમ.કોમ.ના વર્ગોમાં પ્રવેશ માટે ઓછામાં ઓછી લાયકાતનું ધોરણ બીજા વર્ગને બદલે પાસ વર્ગનું રાખવા તથા સ્નાતક કક્ષાએ પાસ વર્ગ ધરાવતા આવા વિદ્યાર્થીઓએ અનુસ્નાતક કક્ષાએ તેના તે જ વિષય કે વિષયો રાખવા આવશ્યક રાખવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

ઉપરના ઠરાવને અનુલક્ષીને ઑર્ડિ. એમ.એ. ૧, એમ.એસસી. ૧ અને એમ.કોમ. ૧ સુધારવા અને તેને તાત્કાલિક અમલમાં મૂકવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

[સુધારેલા ઑર્ડિ. એમ.એ. ૧, એમ.એસસી. ૧ અને એમ.કોમ. ૧ની નકલ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.]

વધુમાં સૂચવવામાં આવ્યું કે ઉપરના ઠરાવને અનુલક્ષીને ચાલુ વર્ષે એમ.એ, એમ.એસસી. અને એમ.કોમ.માં વિદ્યાર્થીઓના પ્રવેશ/અનુસ્નાતક નોંધણી માટેની છેલ્લી તારીખ તા. ૩૧-૮-૧૯૭૭ સુધી લંબાવવી.

(૨) સદરહુ પ્રસ્તાવ ૨ અંગે ઠરાવવામાં આવ્યું કે સદરહુ પ્રસ્તાવ વિનયન અને વિજ્ઞાનની વિદ્યાશાખાઓની વિચારણા માટે મોકલવો.

૧૭. Edu. O. 1માં (*i*) (*ii*)ની નીચે, નીચે પ્રમાણે (*iii*) ઉમેરવા બાબતનો પ્રસ્તાવ :

"Notwithstanding anything contained above, a candidate who has passed the B.Ed. degree examination of this University will not be awarded the said degree unless the first degree on the basis of which he was admitted to the B.Ed. course of studies is conferred upon him."

આથી ઠરાવવામાં આવે છે કે એજ્યુ. ઑ. ૧માં નીચેની પેટાકલમ(૩) ઉમેરવા અને તે મુજબ સુધારેલા સદરહુ ઑર્ડિ.ને મંજૂર કરીને તેને તાત્કાલિક અમલમાં મૂકવા એકેડિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

"Notwithstanding anything contained above, a candidate who has passed the B.Ed. Degree examination of this University shall not be awarded the said degree unless the first degree on the basis of which he was admitted to the B.Ed. course is conferred upon him/her."

૧૮. એમ.એ., એમ.એસસી. અને એમ.કૉમ.માં અનુસ્નાતક વિદ્યાર્થીઓના પ્રવેશ અંગેના અનુક્રમે ઑ. એમ.એ. ૧, ઑર્ડિ. એમ.એસસી. ૧ તથા ઑર્ડિ. એમ.કૉમ. ૧ અંગે પુનર્વિચારણા કરવા માટે સમાજવિદ્યા ભવનના અધ્યક્ષશ્રીના સૂચના પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર બાબત નં. ૧૬(૧) પર કરવામાં આવેલો ઠરાવ જોતાં સદરહુ બાબત અંગે વિશેષ વિચારવાનું રહ્યું નહીં.

૧૯. આચાર્ય એસ. આર. ભટ્ટના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

પ્રસ્તાવ :

ગુજરાત યુનિવર્સિટી એકેડિકયુટિવ કાઉન્સિલની આ સભા માને છે કે :

(અ) ત્રણ વર્ષ સુધી બિન-અર્થક્ષમ કૉલેજોની આર્થિક જવાબદારી સરકારે સ્વીકારી છે, તથા સરકારશ્રીએ ત્રણ વર્ષ પછી એ બિન-અર્થક્ષમ કૉલેજોની લઘુતમ આવશ્યક વિદ્યાર્થી-સંખ્યા વિષે પુનઃવિચારણા કરવાનું કહ્યું છે, તેમ જ

(બ) પોલ સમિતિની ત્રણ વિદ્યાશાખાની કૉલેજ અંગેનાં સૂચનોનો સરકારશ્રીએ સ્વીકાર કર્યો નથી;

(ક) અને હજી આ વિષેનો સરકારી ઠરાવ (જી.આર.) પ્રકટ થયો નથી તેમ જ આવા ફેરફારથી જેને અસર થાય છે તે સ્ટાફના પદ-પગારના સંરક્ષણની જોગવાઈ થઈ નથી. એ સંજોગોમાં ગુજરાત યુનિવર્સિટીનો ઑ. ૧૨૦-બી સુધારીને ત્રણ વિદ્યાશાખાની કૉલેજોની જોગવાઈ કરનારું પગલું આવશ્યક નથી.

(૬) સરકારશ્રી તરફથી નિયુક્ત થનાર (સંલગ્ન કૉલેજ બોર્ડ) કૉલેજો, અભ્યાસક્રમો, વગેરેનું આયોજન-પુનર્ગઠન કરનાર છે જ તો તે પૂર્વે કૉલેજોની હાલની પરિસ્થિતિમાં કોઈ ફેરફાર કરવો ઉચિત નથી.

તેથી ગુજરાત યુનિવર્સિટીની એકેડેમિક-એક્ઝિકયુટિવ કાઉન્સિલ આ સભા ઠરાવ કરે છે કે આ અંગેનો જૂનો ઑર્ડિ. ૧૨૦-બી યથાવત્ રાખવો.

ટૂંકી ચર્ચા-વિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબતની નોંધ લેવી.

૨૦. સુધારેલા ઑ. ૧૨૦-બી અન્વયે સને ૧૯૭૭-૭૮ના શૈક્ષણિક વર્ષ માટે કૉલેજની ગુરુતમ સંખ્યા ૧૧૫૦ રાખવાની જોગવાઈ કરવામાં આવી હતી; પરંતુ રાજ્ય સરકારે તેના તા. ૩૦-૭-૧૯૭૭ના સરકારી ઠરાવ ક્રમાંક એનજીસી. ૧૩૭૭-૩૦૩૩૩થી તે વધારી લેવાઈ રાજ્ય સરકારનો સદરહુ ઠરાવ સ્વીકાર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા તથા તેના સંદર્ભમાં ઑર્ડિ. ૧૨૦-બીમાં સુધારો કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૨૧. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૧૯-૭-૧૯૭૭ની સભાના નીચેના ઠરાવ પર વિચારણા કરવા બાબત :

"આ વિદ્યાશાખા બહુમતીથી ઠરાવે છે કે પ્રી-યુનિવર્સિટીના વર્ગમાં બે વિષયમાં નાપાસ થનારને હાલમાં એ.ટી.કે.ટી.નો લાભ આપવામાં આવે છે તે લાભ ૧૯૭૫ના શૈક્ષણિક વર્ષ તેમ જ ૧૯૭૬ના શૈક્ષણિક વર્ષના પ્રી-યુનિવર્સિટીના અગાઉના વિદ્યાર્થીઓને પણ આપવો, અને તેમને પ્રથમ વર્ષ બી.કૉમ.માં પ્રવેશ આપવા માટેનો જરૂરી સુધારો આ અંગેના રેગ્યુલેશન પ્રી-કૉમર્સ-૬માં કરવા ભલામણ છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી નહીં.

૨૨. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૧૯-૭-૧૯૭૭ની સભાના નીચેના ઠરાવ પર વિચારણા કરવા બાબત :

"આ વિદ્યાશાખા સર્વાનુમતે માને છે કે કૉલેજનું કાર્યવાહક મંડળ/ટ્રસ્ટી મંડળ કૉલેજને બંધ કરે અથવા કૉલેજનું જોડાણ પરત કરે એ બંને પ્રક્રિયામાં કોઈ તફાવત નથી. આ ઉપરાંત કૉલેજ બંધ કરવાના નિર્ણયમાં કે જોડાણ પરત કરવાના નિર્ણયમાં ફેકલ્ટી બંધ કરવાનો નિર્ણય આપોઆપ સમાયેલ જ છે; કારણ કે કૉલેજ બંધ થાય કે જોડાણ પરત કરે ત્યારે તેમાં આવેલી બધી જ ફેકલ્ટીઓ બંધ થાય છે. આ પરિસ્થિતિમાં કલેાઝર ઑફ ફેકલ્ટીના ઑ.ડ. ૧૨૦-ઈની જોગવાઈ કૉલેજ બંધ કરવા નિર્ણય કરે અથવા જોડાણ પરત કરવા નિર્ણય કરે તેને પણ લાગુ પડે જ છે. છતાં આ બાબતમાં કોઈ અસ્પષ્ટતા ન રહે તે માટે કૉલેજના કલેાઝરને તેમ જ જોડાણ પરત કરવાની પ્રક્રિયાને ઑ. ૧૨૦-ઈ ફેકલ્ટી બંધ કરવાની તમામ જોગવાઈ લાગુ પડવી જોઈએ તેથી આ સભા એકેડેમિક કાઉન્સિલ અને એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે કે ઑ. ૧૨૦-ઈમાં સુધારો કરી એવી સ્પષ્ટ જોગવાઈ તાત્કાલિક કરવી કે કલેાઝર ઑફ કૉલેજ અને જોડાણ પરત કરવાની પ્રક્રિયાનો પણ તેમાં સ્પષ્ટ સમાવેશ થઈ જાય."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સમગ્ર રીતે વિચારણા કરીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલ સભ્યોની સમિતિ નીમવી :

(૧) આચાર્ય એસ. આર. ભટ્ટ
(૨) આચાર્ય બી એમ. પીરજાદા
(૩) ડૉ. એમ. એન. દેસાઈ
(૪) શ્રી. કે. એસ. શાસ્ત્રી.

૨૩. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૧૯-૭-૧૯૭૭ની સભાના નીચેના ઠરાવ પર વિચારણા કરવા બાબત :

"આ વિદ્યાશાખા સર્વાનુમતે ઠરાવે છે કે પરીક્ષકો વિવિધ હોય ત્યારે તેમના પરીક્ષણ કાર્યમાં એકરૂપતા જળવાય અને સબ્જેક્ટિવ એલિમેન્ટના પરિણામે વિદ્યાર્થીઓને અન્યાય ન થાય તે માટે દ્વિતીય વર્ષ બી.કૉમ. અને તૃતીય વર્ષ બી.કૉમ.ની પરીક્ષાઓ માટે મોડરેશનની પદ્ધતિ રાખવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૨૪. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૧૯-૭-૧૯૭૭ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૨૯-૬-૧૯૭૬ની સભાની નીચેની ભલામણ અૅકૅડેમિક કાઉન્સિલમાં વિચારણા માટે રજૂ કરવી :

(૧) સંલગ્ન કૉલેજોના અધ્યાપકોને એમ.ફિલ.ની પરીક્ષા પાસ કરવાનું ફરજિયાત છે તેને બદલે દશ વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવતા શિક્ષકોને એમ.ફિલ.ની પરીક્ષા પાસ કરવાનું ફરજિયાત બનાવવું નહિ તેવી ભલામણ કરવી.

(૨) એમ.ફિલ.ની પરીક્ષા માટે સત્રો રાખ્યા વગર પેપર્સ (લેખિત પરીક્ષા) થી પરીક્ષા રાખવી અથવા ફક્ત ડિઝર્ટેશનથી એમ.ફિલ.ની પરીક્ષા આપી શકાય તેવી જોગવાઈ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ નં. ૧ સ્વીકારવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ નં. ૨ની નોંધ લેવી.

૨૫. યુનિવર્સિટી કોર્ટ સભ્ય શ્રી પી. આર. શાહના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"અૅકૅડેમિક કાઉન્સિલની આ સભાને આથી વિનંતી કરવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોમાં 'હેડ ઑફ ધી ડિપાર્ટમેન્ટ' તરીકે 'પાર્ટ-ટાઇમ' પ્રોફેસરની નિમણુકને માન્ય કરવી નહીં. 'ફુલ ટાઇમ' પ્રોફેસર જ 'હેડ ઑફ ધી ડિપાર્ટમેન્ટ' થઈ શકે તેવો આગ્રહ રાખી તેનું પાલન કરાવવું."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૨૬. જૂન, ૧૯૭૮ થી પ્રી-યુનિવર્સિટીના વર્ગો કૉલેજમાં બંધ થનાર હોવાથી આગામી ઑક્ટોબર, ૧૯૭૮ માં પ્રી-યુનિવર્સિટી વિનયન (એક્સ્ટર્નલ) ની પરીક્ષા લેવાનું કયારથી બંધ કરવું તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી. દરમ્યાન રાજ્ય સરકાર પાસેથી હાયર સેકન્ડરી પરીક્ષાના માળખાના સંદર્ભમાં યુનિવર્સિટીઓમાં વિદ્યાર્થીઓના પ્રવેશપાત્રતા અંગેની પરિસ્થિતિ અંગે રાજ્ય સરકાર પાસે સ્પષ્ટતા મેળવવી.

૨૭. બી.એ.માં અંગ્રેજી વિષયને કારણે બીજો વર્ગ ગુમાવનાર પરંતુ ઐચ્છિક વિષયમાં દ્વિતીય વર્ગ મેળવ્યો હોય તેવા વિદ્યાર્થીઓને એમ.એ.માં પ્રવેશ આપવા અંગે સમાજવિદ્યા ભવનના અધ્યક્ષશ્રીના સૂચન પર વિચારણા કરવા બાબત.

ઉપર બાબત નં. ૧૬(૧) પર કરવામાં આવેલો ઠરાવ જોતાં સદરહુ બાબત અંગે વિશેષ વિચારવાપણું રહ્યું નહીં.

૨૮. એમ.એ.ના વર્ગના શિક્ષણકાર્યની વ્યવસ્થા નીચે મુજબ "ભૂગોળ" વિભાગનાં વડાં બહેન ડૉ. અંજની દેસાઈનું નીચેનું સૂચન ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતું મંજૂર રાખ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

"Instead of teaching M.A.—I and M.A.—II courses simultaneously, either M.A.—I or M.A.—II papers only will be taught during one academic year. In this way papers can be taught with few helping hands."

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી,

નોંધ.—સદરહુ બાબત અંગે સ્પષ્ટતા કરવામાં આવી કે એમ.એ. ૧ અને એમ.એ. ૨ના વર્ગોનું શિક્ષણકાર્ય એકસાથે ચલાવવાનો આ નિર્ણય ફક્ત ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતો જ મર્યાદિત રહેશે.

૨૯. શિક્ષણની નવી તરાહના સંદર્ભમાં વ્યાયામ શિક્ષકની નિમણૂક સંલગ્ન કૉલેજમાં આવશ્યક રાખવા અંગેનાં ધોરણોમાં પુનર્વિચારણા કરવા અંગેના રાજ્ય સરકારના શિક્ષણખાતા તરફથી આવેલા તા. ૨૯-૭-૧૯૭૭ના પત્રાંક એનજીસી. ૧૧૭૭-૪૫-૧૫૦ ખ(૧) પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોમાં વ્યાયામ શિક્ષકોને વિદ્યાર્થીઓની શારીરિક તાલીમ ઉપરાંત પણ રમતગમત અને અન્ય અભ્યાસપૂરક પ્રવૃત્તિઓ સંભાળવાની હોય છે તે હકીકત તરફ રાજ્ય સરકારનું ધ્યાન ખેંચીને તેમની નિમણૂક ચાલુ રાખવા અને ગ્રાન્ટને પાત્ર ગણવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

નોંધ.—વધુમાં વ્યાયામ શિક્ષકનો કાર્યબોજ રાજ્ય સરકારની ગ્રાન્ટ માટેની ૧૬ તાસની વ્યાખ્યામાં ન ગણતાં તેની જગ્યા વધારાની ગણીને ગ્રાન્ટને માટે તે ગણતરીમાં લેવા માટે રાજ્ય-સરકારને ભલામણ કરવી.

૩૦. શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીના સૂચન મુજબ લૉજિક-ફિલૉસોફીની અભ્યાસસમિતિની તા. ૨૯-૭-૧૯૭૭ ની સભાની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

૧. આથી ઠરાવવામાં આવે છે કે ફિલૉસોફી એમ.એ. ભાગ ૨ના Paper V ના વૈકલ્પિક પ્રશ્નપત્ર (*iii*) Symbolic Logic નો અભ્યાસક્રમ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ સુધારવા અને તેને તાત્કાલિક એટલે કે જૂન, ૧૯૭૭ના ચાલુ શૈક્ષણિક વર્ષથી અમલમાં મૂકવા ભલામણ છે.

૨. એમ.એ. ફિલૉસોફી વિષયમાં Master Essay-Paper VIII (*ii*)માં "Philosophical Problem of Argument" નો પ્રશ્નપત્ર આપવા તથા તેનો અભ્યાસક્રમ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ મંજૂર કરી તેની તાત્કાલિક એટલે કે ચાલુ શૈક્ષણિક વર્ષથી અમલમાં મૂકવા ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની તા. ૨૯—૭—૧૯૭૭ની સભાની ઉપરની ભલામણ નં. ૧ અને ૨ મંજૂર કરવી.

[ઉપર (૧) અને (૨) ના સુધારેલા અભ્યાસક્રમોની નકલ **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.]

૩૧. ગુજરાત રાજ્યના શિક્ષણ ખાતાના તા. ૨૭-૭-૧૯૭૭ના સરકારી ઠરાવ ક્રમાંક એનજીસી-૧૩૭૭-ખ અન્વયે સંલગ્ન શિક્ષણની કૉલેજોમાં વિદ્યાર્થી : શિક્ષક પ્રમાણ ૧૨ : ૧ રાખવા અંગેની જોગવાઈ ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી સ્વીકાર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૩૨. તબીબી વિદ્યાશાખાની તા. ૧૭-૮-૧૯૭૭ની સભાની ભલામણને અનુલક્ષીને તબીબી વિદ્યાશાખાની પહેલી, બીજી અને ત્રીજી એમ.બી.બી.એસ.ની પરીક્ષાઓ માટે ઇન્ટર્નલ ઇવેલ્યુએશનની પ્રથા હાલ અસ્તિત્વમાં છે તે પ્રથા આ પરીક્ષાઓમાં એકસાથે તાત્કાલિક રદ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તબીબી વિદ્યાશાખાની પહેલી, બીજી અને ત્રીજી એમ.બી.,બી એસ.ની પરીક્ષાઓ માટે આંતરિક મૂલ્યાંકનની પ્રથા (immediately and simultaneously) રદ કરવા માટે એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૩૩. બિઝનેસ મૅનેજમેન્ટની અભ્યાસસમિતિની તા. ૧૭-૮-૧૯૭૭ની સભાની એમ.કૉમ. ભાગ ૨ના ફરજિયાત પ્રશ્નપત્ર ૪-બિઝનેસ મૅનેજમેન્ટનો અભ્યાસક્રમ આ સાથે આપેલ પરિશિષ્ટ મુજબ સુધારી જૂન ૧૯૭૭થી અમલમાં મૂકવા અંગેની ભલામણ વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૧૭-૮-૧૯૭૭ ની સભાએ સ્વીકારેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી.

[સદરહુ સુધારેલા અભ્યાસક્રમની નકલ **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે.]

૩૪. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૧૭-૮-૧૯૭૭ની સભાના નીચેના ઠરાવ પર વિચારણા કરવા બાબત :

"આ સભા ઠરાવે છે કે હવે પછી અભ્યાસસમિતિઓએ તૈયાર કરેલા અભ્યાસક્રમો પ્રથમ વિદ્યાશાખાની મંજૂરી માટે રજૂ કરવા અને વિદ્યાશાખાની મંજૂરી મલ્યા બાદ જ આગળ ઘટતી કાર્યવાહી કરવી અને અભ્યાસક્રમો મંજૂર કરવા માટે લાગતાવળગતા ડીનનો અગાઉ સંપર્ક સાધવો જરૂરી છે તેમ એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૫. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૧૭-૮-૧૯૭૭ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ભલામણ કરવામાં આવે છે કે "ડિપ્લોમા ઇન સેક્રેટરીશિપનો બે વર્ષના ગાળાનો પૂરા સમયનો અનુસ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમ સ્થાપવો અને આ ડિપ્લોમા અભ્યાસક્રમ યુનિવર્સિટીના વાણિજ્ય ભવનમાં શીખવવો. આ અભ્યાસક્રમમાં પ્રવેશ માટે કોઈ પણ વિદ્યાશાખાના બીજા વર્ગમાં સ્નાતકની પરીક્ષા પાસ કરી હોય તેવા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવો. પ્રવેશની પદ્ધતિઓ અંગે વિગતો તૈયાર કરતી વખતે ભલામણ કરવામાં આવશે. આ અભ્યાસક્રમ શીખવવા માટે જરૂરી શિક્ષકોની નિમણૂક કરવાની રહેશે અને આ અભ્યાસક્રમના ચાર્જમાં ઓછામાં ઓછા રીડર કક્ષાના અધ્યાપક રાખવા. આ અભ્યાસક્રમના વિદ્યાર્થીઓ બીજો કોઈ અભ્યાસક્રમ એકસાથે કરી શકશે નહીં."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ સ્વીકારવી.

૩૬. ડેન્ટલ સર્જરીની અભ્યાસસમિતિની તથા ડેન્ટલ સર્જરીની વિદ્યાશાખાની તા. ૨-૮-૧૯૭૭ ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"આથી ઠરાવવામાં આવે છે કે ડેન્ટલ સર્જરીની વિદ્યાશાખામાં બી.ડી.એસ. અને એમ.ડી.એસ. પરીક્ષાઓ માટે પ્રાશ્નિક-પરીક્ષકોની નિમણૂક અને લાયકાતનાં ધોરણો નીચે મુજબ રાખવા ભલામણ કરવામાં આવે છે. :

(A) FOR B.D.S. EXAMINATION

(1) No person shall be appointed as a Paper-setter or an Examiner in a subject if he has ceased to be a teacher in the subject for a period of more than three years just preceding the date of his application.

(2) No person shall ordinarily be eligible for appointment as an Examiner unless he holds the B.D.S. Degree or an equivalent qualifications and has had at least five years' teaching experience in the subject in a Dental College of this University or any other recognised University at least as Tutor / Junior Lecturer / Assistant Professor / Reader.

(3) No person shall ordinarily be appointed as Examiner for more than for turns, however in case suitable replacement is not available he / she should be allowed to continue as Examiner.

(4) No person shall ordinarily be appointed as an Examiner for more than one subject at a time, however, it required he/she should be appointed as an Examiner at more than one Examinations, provided he fulfils all the requirements to be an Examiner vide rule No. 2.

(B) FOR M.D.S. EXAMINATION

No person shall be appointed as a Paper-setter or an Examiner in a subject if he has ceased to be a P.-G. Teacher or Assistant to P. G. Teacher in the subject for a period of more than three years just preceding the date of his application.

No person shall ordinarily be eligible for appointment as an Examiner unless he is a recognised P.-G. Teacher or Asstt. to P.-G. Teacher of this University or any other University where P.-G. Training is being conducted in that particular subject."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૭. વિનયન વિદ્યાશાખાના અધ્યક્ષ પ્રા. અંબુભાઈ ટી. દેસાઈના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

પ્રસ્તાવ :

"યુનિવર્સિટીની જુદી જુદી વિદ્યાશાખાઓ હેઠળ લેવાતી પરીક્ષાઓ માટે પ્રાશ્નકો-પરીક્ષકો-સીનિયર સુપરવાઈઝરો-જુનિયર સુપરવાઈઝરો-લેબોરેટરી સ્ટાફ-પરીક્ષા કેન્દ્ર પર જરૂરી સ્ટાફ વગેરેની નિમણૂકો માટેનાં ધોરણો પર પુનર્વિચારણા કરવાની જરૂર છે. પ્રાશ્નિક-પરીક્ષકોની નિમણૂક માટેના નિયમો તથા ક્રેડિટ-ગુણની ગણતરી કરવાનાં ધોરણો પર ફેરવિચારણા કરવાની જરૂર છે. સેન પગારધોરણોના અમલની શરત તરીકે પરીક્ષાનું વેતન અપાતું નથી ત્યાં પરીક્ષા કામ અંગે પરીક્ષકને કરવા પડતા ખર્ચ અંગેની નવી જોગવાઈઓ વિચારવી પડે તેમ છે. આમ એકેડેમિક અને વહીવટી—એ બન્ને પાસાંઓ તપાસીને નવેસરથી પરીક્ષાઓને લગતાં ધારાધોરણો ઘડી કાઢવા એકેડેમિક કાઉન્સિલ અને એક્ઝિકયુટિવ કાઉન્સિલના સંયુક્ત સભ્યોની બનેલી એક સબ-કમિટી નીમવા અને તે કમિટીને એક મહિનામાં પોતાનો અહેવાલ રજૂ કરવા આ સભા અનુરોધ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

તે પછી પ્રમુખશ્રીની પરવાનગીથી અનુસ્નાતક વિદ્યાભવનોના શિક્ષકોના કાર્યબોજ અંગેનાં આ સભાગૃહના ઑા૩. ૬૬-એની પુનર્વિચારણા કરવા બાબત

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૬૬-એ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

O. 66-A : (1) It shall be a duty of every full-time teacher to remain present in his department for not less than four hours on every working day.

(2) The work load per week for every full-time teacher in a University Department shall be 10 periods of 60 minutes each, of which lectures shall not exceed eight.

Explanation : The above quantum of work shall include practical work. For the purpose of counting work load one unit of practical work not exceeding 1½ hours shall be considered equivalent to one period of 60 minutes.)

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. એકે. કાઉ./૬૯૮૮૮
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૩૮૦ ૦૦૯.
તા. સપ્ટેંબર, ૨૯, ૧૯૭૭

કુ. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૨ (૫)

M.COM. PART I

Paper II—Business Finance (Compulsory)

(New Course in force from June, 1977)

(1) Finance as a function and its relation with other areas of Business.

(2) The Nature and the significance of Finance in Manufacturing and Trading Business Units.

(3) Types and period of Finance required by Business Units at different stages of their growth.

(4) Fixed and Working capital and their components.

(5) Types of capital structures-factors affecting Financial decisions (Internal and External).

(6) Sources of Finance: (1) Commercial Banks (Mode of obtaining Finance from Commercial Banks) (2) Public deposits (3) Foreign participation in ownership capital.

(7) Nature and popularity of convertible securities and right issues.

(8) Nature of Financial assistance provided by—I.F.C., I.C. & I.C.I., U.T.I., I.D.B. & L.I.C. (Detailed study of the working of each institutions is not expected).

(9) Internal Financial Administration with specific reference to retained earnings and dividend.

(10) Special Features and Problems in respect of Co-operative industrial Units and Government Companies.

(11) Analysis of Published financial Statements, from the view-point of investors (Present and Prospective) and Creditors with the help of (*a*) ratio analysis and (*b*) fund flow analysis (critical evaluation is expected and not the detailed working of different ratios and fund flow statement).

Books recommended

(1) 'Techniques of Finance Analysis' : Erich A. Helfert

(2) 'How to read Balancesheet' by Dani

(3) 'Analysis of Balancesheet' : National Institute of Bank Management, India.

(4) 'Financial Management' : S. C. Kuchhal

(5) 'Basic Business Finance' : Hunt, Williams, Donaldson

(6) 'Financial Organisation and Management' : C. W. Gerstenberg

(7) 'Business Finance' : Paish F. W.

(8) 'Financial Policy of Corporations' : A. S. Dewing

(9) 'Central Financing Institutions for Industry in India': Indian Chambers of Commerce

(10) 'Corporation Finance' : S. C. Kuchhal

(11) 'Corporation Finance' : Hoagland.

(*e*) INDUSTRY

Paper I—Industry and Labour

(New Course in force from June, 1977)

1. Objectives of a modern firm. Profit Maximisation, Sales Maximisation, Output maximisation, employment maximisation, efficiency etc. Factors determining size of a firm.

2. Theories of industrial location, location of industries and location policy in India.

3. Nature of finance-Risks of finance-Sources of industrial finance in India (Individual sources of finance not to be studies in detail).

4. Industrial Policy in India—Public, and private and joint sector-Controls on industries-Public Policy towards monopoly. Industrial Licensing Policy-small industries in the Indian economy.

5. Industrial productivity—Concept and measurement—Technique is of raising industrial productivity in India.

6. Growth and problems of selected industries in India-Textiles, Iron and Steel, Cement, Chemicals

7. Indian Labour-size and age distribution—labour market in India.

8. Trade Unionism—Organisation and Structure—State and Unions—Trade Union legislation in India.

9. Industrial Relations—Industrial disputes—Settlement of Industrial disputes—Conciliation mediation and arbitration—Labour Participation in management.

10. Wage policy in India since independence—concepts of wages—minimum, fair and living wage.

    Fringe benefits, profit sharing and production bonus.

11. Social security in India.

12. Labour productivity in India—Concept and measurement—Techniques of raising labour productivity in India.

References

1. Rohinsen E.A.G. : 'The structure of Competitive industry', Ch. 1 to 6.
2. Paish F. W. : 'Business Finance', Ch. 1 & 2
3. Kuichhal S. C. : 'The Industrial Economy of India'
4. Hooner E. M. : 'The location of economic activity'
5. Rosen George : 'Some aspects of industrial finance in India'
6. Saxena, S. E. : 'Labour Problems and Social Welfare'
7. Giri V. V. : 'Labour Problems in Indian Industry'
8. Mathur and Mathur : 'Trade Unionism in India'
9. Government Report : National labour Commission', 1969.

(*f*) AGRICULTURE

Paper I — Economics of Agriculture

(New Course in force from June, 1977)

1. Demand for farm products—Elasticities of Demand and Supply of farm products—Marketable supply—Scale of farming—Land utilisation and Crop pattern—Animal husbandry and Dairy farming—Irrigation.
2. Farm Management—Principles and practice. Land reforms and farm economy—Mechanisation of agriculture.
3. Location of production and Regional specialisation.
4. Marketing—Agencies in India—Regulated markets—Forward trading and hedging—State trading—Role of warehousing in marketing.
5. Agricultural prices—causes of instebility—Terms of trade between agriculture and other sectors of the economy—parity prices and stabilisation measures.
6. Agricultural labour—Employment, wages, conditions of work.
7. International Commodity agreements, International agencies—F.A.O.

Books recommended

1. Farm Management Economics : Heady Earl O.
2. Economic Organisation of Agriculture : Schultz T. W.
3. Economics of Agricultural Production and Resource use : Heady Earl O.
4. The Economics of Location (Chapter V) : Losch August, New Heven, Yale University Press, 1945.
5. Transforming Traditional Agriculture (A study of Comparative Economics), Schultx T. W., New Havel, Yale University Press, 1964
6. Economics of Underdeveloped Agriculture : Tara Shukla, Vora Publishers, Bombay 1969.

(*g*) MODERN FINANCE

(New course in force from June, 1977)

Paper I : **Banking :**

(1) Joint Stock Banking—Principles of joint stock banking

(2) Use of Banking funds, cash Reserve, Calls loans, Bills financing, Advance, Participation loans

(3) Credit instruments—Bills, Letters of Credit, Credit facilities for hire purchase and instalments. Instalments.

(4) Buyingbill markets—Commercial bills and treasury bills.

(5) Scale of Banking operations—Unit Banking, Branch Banking (a study of their operations in general).

(6) Nationalisation of Banking and its implication.

(7) Co-operative Banking, Types of Co-operative Banks—Principles—Resources—Lending Policy and Practices.

(8) Money market—Bill market—Their constituent and their interrelationship—condition necessary for smooth functioning of bills, Market—Indian Bill market.

(9) Central Banking—rise and growth of Central Banks—Organisational structures—Nationalisation of Central Banks—Credit Control—Treasury Control.

(10) Monetary Policy—objective—Control over money supply—Multiple credit creations—Price fluctuations and Ieterest rate Structure. Money supply and Income levels.

Books recommended

(1) Modern Banking	:	R. S. Sayers
(2) Central Banking	:	M. H. De'Kock
(3) Banking Systems	:	B. H. Beckhart
(4) A review of current Banking Theory and Practice	:	S. K. Basu

(5) The Money Market and Monetary Management	:	Walter Weeds Worth
(6) British Banking System	:	Manning Dicay
(7) A Hand Book of Banking Theory and Practice	:	K. C. Shekhar
(8) Practical Banking	:	H. L. Bedi
(9) Monetary Policy and Central Banking in India	:	V. R. Mutlik Desai
(10) Reform of the Indian Banking System	:	S. L. N. Sinha
(11) Bank Nationalisation and the Supreme Court Judgement	:	Singhvi.

M.COM. PART II

Paper III : **Marketing — Organisation and Practice** (Compulsory)

(New Course in force from June 1977)

1. Marketing—Importance and relevance to economic growth.
2. Marketing of agricultural products with special reference to cotton and oil seeds.
3. Marketing of manufactured products with special reference to cotton textiles and chemical fertilisers.
4. Organised share markets in India—Organisation and functioning of Bombay Stock Exchange Speculative trading and its rationales.
5. State regulation in the areas of :
   - (*a*) Agricultural marketing with special reference to Forward Market Regulation Act, 1952.
   - (*b*) Marketing of manufactured products—with special reference to MRTPs
   - (*c*) Share markets with special reference to Securities Contract Regulation Act, 1956
6. Government policy related to price control with special reference to wheat and sugar.

Note.—(1) With reference to para No. 2 and 3, students are expected to learn channels of distribution from the point of production to that of consumption.

(2) A general understanding of the acts referred para No. 5 is expected. Detailed study of the provisions of these acts is not expected.)

Books recommended

Paper III : **Marketing** (Organisation and Practices)

1. 'Indian Cooperative Review'—Quarterly, Published by National Cooperative Union of India.
2. Modern Marketing Management by S. R. Davar, Progressive Corporation, Bombay.
3. 'Fundamentals of Marketing'—Additional dimensions Jack & Taylor, and James F. Robb Mcgraw-Hill.
4. 'Fundamentals of Marketing'—Stanton McGraw-Hill.
5. 'Agricultural Marketing' by Memoria & Joshi, Publication by Kitab Mahal.
6. 'New Perspectives in Marketing'–Published by National Council of Applied Economic Research, New Delhi.
7. 'Successful Management' in Developing Countries Douglas–W. Fester –Orient Longman (Marketing).
8. 'Marketing Management and the Indian Economy' by S. Neelamegham Vikas Publication.
9. 'Indian Consumers' by Subhash Mehta (I.I.M. Ahmedabad).
10. 'Reports of Fertiliser' Association of India.
11. 'Agricultural Marketing and Control of Prices' : S. C. Jain
12. 'Produce Exchange' : P. G. Salvi.
13. 'Regulation of Forward Markets' by W. R. Natu.
14. 'Industrial Economy' by S. C. Kuchhal.

15. 'Stock Exchange in Developing Economy' Kersi—D. Doodha
16. 'Changing trends in Industrial Finance in India' by L. C. Gupta (Oxford).
17. 'Occasional Publications by Bombay Stock Exchange.
18. M.R.T.P. Act
19. 'Essential Commodities' Act.
20. 'Price Controls in India'—R. G. Agrawal, Federation of Indian 'Chambers of Commerce', New Delhi.
21. 'Madhav Kacker': Marketing of Cotton Piecegoods in India, Vora & Co. Bombay.
22. Textile Enquiry Committee Reports.
    Submitted by Professor V. A. Pathak, University School of Commerce, Ahmedabad-380 009.

(e) INDUSTRY

Paper II : **Trade and Transport** (New Course in force from June 1977)

(1) Internal Trade Characteristics—Changing Pattern of Internal Trade and Inter-State Trade in India.

(2) Causes of International Trade.
—Gains from Trade—Geometrical illustration.

(3) Regulation of International Trade : Tariffs and their effects, Quotas and their effects, state trading;

(4) Foreign Trade Organisations :
GATT, EEC, UNCTAD
Trade Policies for Less developed Countries.

(5) Problem of Stabilisation of international commodity prices–Commodity agreements.

(6) The theory of custom union
The experiences of E.C.M. and the possibilities of an Asian Commom Market.

(7) India's export and import policy—Export promotion measures.

(8) Influence of transport on the movement of goods and people—Transport costs—Freight structure–Transport coordination.

(9) Road and Rail Transport : Special features-Importance-Problems.

(10) Shipping : Organisation of Shipping Lines—Shipping Policy-Development and Administration of ports.

(11) Air Transport : Special problems and features, A brief study of Pipe-line as a mode of transport.

Books recommended

(1) UNCTAD Conference papers
(2) IBRD : 'Annual Reports'
(3) Lippincott : 'The Development of Modern world Trade'
(4) Haberlar : 'International Trade'
(5) P.E.P. : 'Report on International Trade'
(6) Powe : 'International Raw Materials'
(7) Kirkardy & Evans : 'History & Economics of Transport'
(8) Eilsworth : 'The International Economy'
(9) Pylk, J. M. : 'Marketing Principles'
(10) Govt. of India : (*i*) Guide for Exporters; (*ii*) Hand-book for export promotion
(11) Hardy : 'Sea-Ways and Sea-Trade'
(12) Sherrington : 'A Hundred years of Inland Transport'
(13) Kirkardy & Evans : 'History of Economics of Transport'
(14) Thonson Henbner Wiloon : 'Transportation, Economic Principles & Practice'

(f) AGRICULTURE

(New Course in force from June, 1977)

Paper II : **Co-operative and Rural Department**

(1) Rural life in India—Village community in ancient India—present structure of Indian Village—Social stratification—pressure of population and unemployment problem—occupational pattern—pattern of land use—problems of rural development—water supply, sanitation education, transport, electrification—Rural reconstruction—Community projects—National extension services—Village Panchayats, their problems.

(2) Rural finance : Long term and short term needs of farmers. Agencies offering agricultural finance; with special reference to institutional agencies.

Mobilisation of Rural Savings, Capital formation.

(3) Philosophy of co-operation as a method and way of life—principles of co-operation—classification of different type of co-operative institutions—co-operative movement in India.

(4) Problems of Indian Agriculture : Institutional reforms, Mechanisation, productivity, Marketing, Finance, Prices of agricultural commodities.

Books recommended

(1) Problems of Indian Agriculture, Mamoria.

(2) Studies in the Taxation of agricultural Land and Income in India —Joshi and Anjaria.

(3) 'Agricultural Policy in India' : Jain S. C.

(4) 'Agricultural Planning in India' : Jain S. C.

(5) 'Capital Formation in Indian Agricultural' : Tara Shukla

(6) 'Co-operation in India' : B. S. Mathur

(7) 'Agricultural Development in India' : P. V. Shenoi.

(8) 'Elements of Agricultural Finance': Katharia, Chandrashekharan K.

(9) 'Changing Agricultural in India' : G. S. Bhalla.

(*g*) MODERN FINANCE (M.COM. II)

Paper II : **International Finance** (New Course—in force from June, 1977)

(1) International Payments difficulties—(Causes of disequilibrium in the Balance of Payments—Exchange rate adjustment and the Balance of Payments.

